RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 212* Date: 30.05.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ભારત સંક્રમણના કેસમાં એશિયામાં પહેલા અને દુનિયામાં ૯માં સ્થાને

# દેશમાં કોરોનાનો પ્રકોપ: ૨૪ કલાકમાં ૭૪૬૬ કેસો, ૧૭૫ના મોત

*નવી દિલ્હી,તા.૨૯*

કોરોના વાયરસના સંક્રમણની અસર ભારતમાં ઝડપથી વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડાઓ અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં એટલે કે આજે શુક્રવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકમાં સમગ્ર દેશમાં કોરોનાના ૭૪૬૬ નવા કેસ સામે આવ્યા છે. જે અત્યારસુધીમાં ૨૪ કલાકમાં નોંધાયેલા કેસોમાં સૌથી વધારે છે. એ જ રીતે છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાથી વધુ ૧૭૫ લોકેના મોત થયા છે. તે સાથે જ કુલ મૃત્યુઆંક વધીને ૪,૭૦૬ પર પહોંચી ગયો છે. ભારત હવે કોરોના સંક્રમણના કેસમાં એશિયામાં પ્રથમ સ્થાને અને દુનિયામાં ૯મા સ્થાને પહોંચી ગયું છે.

ભારતમાં કોરોના લોકડાઉન-૪ની મુદત પૂરી થવામાં છે. ૩૧ મેના રોજ લોકડાઉન-૪ પૂર્ણ થયા બાદ તેમાં વધારો કરવાની શક્યતા જોવામાં આવી રહી છે. જેમાં વધારે છૂટછાટ આપવાની સંભાવના વચ્ચે રેજેરોજ કોરોનાના કેસો વધી રહ્યાં છે. એક જ દિવસમાં ૭ હજાર કરતાં વધુ કેસો નોંધાયા હોય તેવુ બીજી વાર બન્યુ છે. અને ૬ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હોય તેવું છેલ્લાં એક સપ્તાહથી થઇ રહ્યું છે. એક તરફ કેસોમાં વધારો થઇ રહ્યો છે તો બીજી તરફ લોકડાઉન-૫ની જાહેરાત વખતે વધુ છૂટછાટો અપાશે તો હજુ કેસો વધવાની શક્યતા જોવામાં આવી



રહી છે. અલબત્ત, કેન્દ્ર સરકાર પાસે અર્થતંત્રને ધમધમતુ કરવા માટે લોકડાઉનમાં વધારે છૂટછાટો આપવા સિવાય અન્ યકો ઇ વિકલ્પ પણ નથી. તેથી કડક નિયમો સાથે લોકડાઉન-૫ જાહેર થવાની શકયતા છે.કેસોની વિગતો પ્રમાણે, એ સાથે જ દેશમાં કોરોનાના કુલ સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૧,૬૫,૭૯૯ થઈ ગઈ છે. કેન્દ્રના સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડાઓ અનુસાર ગુરૂવારે કોરોનાએ ૧૭૫ લોકોનો ભોગ લીધો હતો. એ સાથે કુલ મૃત્યુઆંક ૪૭૦૬નો થયો છે.

જોકે એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી દર ૪૨.૮૮ ટકા સુધી પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૭૪૬૬ નવા કેસ સાથે દેશભરમાં કોરોના વાયરસના સંક્રમણનો આંકડો ૧૬૫૭૯૯ સુધી પહોંચી ગયો છે. તેમજ છેલ્લા ૨૪ કલાકમાં ૩૪૧૪ લોકો કોરોના સંક્રમણને મહાત આપીને સ્વસ્થ થવામાં સફળ રહ્યા છે.

દેશમાં અત્યારે ૮૯૯૮૭ પોઝીટીવ કેસ છે. જ્યારે ૭૧૧૦૫ દર્દી સાજા થઈ ઘરે પહોંચ્યા છે. દેશમાં સંક્રમણથી અત્યાર સુધીમાં ૪૭૦૬ દર્દીઓના મોત થયા છે. જેમા સૌથી ૧૭૯૨ દર્દીઓના મોત મહારાષ્ટ્રમાં, ૯૧૫ ગુજરાતમાં, મ.પ્રદેશમાં ૩૦૫, દિલ્હીમાં ૨૮૮ અને પ.બંગાળમાં ૨૮૩ના મોત થયા છે.રાજસ્થાન અને યુપીમાં ૧૭૦ના મોત થયા છે તો તામીલનાડુમાં ૧૨૭, આંધ્ર અને તેલંગણામાં ૫૭ના મોત થયા છે. કોવિડ-૧૯ને કારણે કર્ણાટકમાં ૪૪, પંજાબમાં ૪૦, જમ્મુ કાશ્મીરમાં ૨૪, હરીયાણામાં ૧૭, બિહારમાં ૧૩, ઓડિસામાં ૭, કેરળમાં ૬, હિમાચલમાં ૫, ઝારખંડ-ઉતરાખંડ-ચંડીગઢ અને આસામમાં ૪ - ૪ ના મોત થયા છે. મેઘાલયમાં ૧નુ મોત થયુ છે. મુંબઈમાં ગઈકાલે ૧૪૩૮ નવા કેસ સામે આવતા કુલ આંકડો ૩૫૦૦૦ ઉપર પહોંચ્યો છે. વધુ ૩૮ લોકોના મોત થતા કુલ મૃત્યુ ૧૧૦૦થી વધુના થયા છે. તમામ પ્રયાસો છતા ભારતમાં કોરોના કાબુમાં આવતો જ નથી. કેસ વધે છે એટલુ જ નહિ મોતની સંખ્યા પણ વધી રહી છે. પાછલા ૭ દિવસમાં રોજ સરેરાશ ૧૫૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. ભારતે મોતના મામલે ચીનને પણ પાછળ રાખી દીધુ છે. એશિયામાં સૌથી વધુ કેસ ભારતમાં નોંધાયા છે.

### કેટલાક રાજ્યોએ લૉકડાઉન વધારવાની કરી માંગ

# લૉકડાઉન-૫ અંગે પીએમ મોદી અને એચએમ શાહ વચ્ચે મહામંથન

નવી દિલ્હી,તા.૨૯

કોરોના વાયરસ સંક્રમણને રોકવા સમગ્ર દેશમાં લાગુ કરાયેલા લૉકડાઉનને આગળ વધારવામાં આવશે કે નહીં? શુક્રવારનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ વચ્ચે યોજાયેલી બેઠકમાં આ પ્રશ્ન સૌથી ઉપર રહ્યો હતો....૩૧ મેનાં લોકડાઉનનો ચોથો તબક્કો પૂર્ણ થઈ રહ્યો છે. અમિત શાહે શુક્રવારનાં સવારે રાજ્યોનાં મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી હતી. તેમને મળેલા ફીડબેકને તેમણે વડાપ્રધાન સાથે ચર્ચા કરી અને પછી આગળની રણનીતિ પર વાત થઈ હતી. . અનેક રાજ્યોએ કોરોનાને રોકવા લૉકડાઉન ચાલું રાખવા માટે કેન્દ્ર સરકારને કહ્યું છે, પરંતુ તેઓ ધીમેધીમે સ્થિતિ સામાન્ય કરવા પણ ઇચ્છે છે.

આજની બેઠકમાં ૩૧ મે બાદની સ્થિતિનો પ્લાન ઘડાઈ ચુક્યો છે. ગૃહમંત્રી સાથે મીટિંગમાં અનેક રાજ્યોએ પુનરાવર્તન કર્યું કે લોકડાઉનને આગળ વધારવું જોઇએ. જો કે ઇકોનોમિક એક્ટિવિટીને લઇને મોટા પ્રમાણમાં છૂટ ઇચ્છે છે. શાહે મુખ્યમંત્રીઓ સાથે લૉકડાઉન એક્સટેન્શન ઉપરાંત કોરોનાની લડાઈની આગળની રણનીતિ પણ જાણી. આ મીટિંગમાં મળેલા ફીડબેકને પીએમ સાથે શેર કરવામાં આવ્યા હતા.. અત્યાર સુધી પીએમ જ મુખ્યમંત્રીઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરતા હતા. લોકડાઉન પર મંતવ્યો જાણવા માટે પહેલીવાર અમિત શાહે મુખ્યમંત્રીઓ સાથે વાત કરી હતી.

કેટલાક રાજ્યોમાં કોરોનાનાં કારણે સ્થિતિ ઘણી ખરાબ છે. મહારાષ્ટ્ર, તમિલનાડુ, ગુજરાત, દિલ્હી, મધ્ય પ્રદેશ, રાજસ્થાન જેવા રાજ્યોમાં કેસ વધારે છે. અનેક રાજ્યો એવા છે જ્યાં અત્યાર સુધી તો કેસ ઓછા છે, પરંતુ કોવિડ-૧૯નો ગ્રાફ વધી રહ્યો છે. આસામમાં છેલ્લા ૪ દિવસમાં કેસ અનેક ગણા વધી ગયા છે. લૉકડાઉન સંપૂર્ણ રીતે ખોલતા સ્થિતિ ક્યાંક વધારે ના બગડી જાય, આ કારણે રાજ્યો થોડીક છૂટછાટો સાથે લૉકડાઉન ચાલું રાખવા ઇચ્છે છે. ગોવાનાં સીએમ પ્રમોદ સાવંતની માંગ છે કે લોકોડાઉનને ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી વધારવું જોઇએ. જો કે તેમણે કેટલીક છૂટછાટની માંગ પણ કરી છે જેમાં સોશિયલ ડિસ્ટન્સિંગની સાથે રેસ્ટોરન્ટ, જીમ ખોલવાનું પણ સામેલ છે.

# રેલવે ટિકિટ રિઝર્વેશન નિયમોમાં મંત્રાલય દ્વારા કરાયો મહત્વનો ફેરફાર

નવી દિલ્હી,તા.૨૯

૧ જૂનથી ભારતીય રેલવે મુસાફરો માટે ૨૦૦ વધુ ટ્રેનો દોડાવવા જઈ રહ્યું છે. આવામાં દરેકને કન્ફર્મ ટિકિટની ઈચ્છા હોય છે જેથી કરીને મુસાફરીમાં કોઈ તકલીફ પડે નહીં. હવે તમારી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવેએ ટિકિટના એડવાન્સ બુકિંગના નિયમોમાં ફેરફાર કર્યો છે.

ભારતીય રેલવેએ, રેલવે મુસાફરોના હકમાં એક મોટો નિર્ણય લીધો છે. મુસાફરો હવે ૩ મહિના પહેલા જ પોતાની મુસાફરી માટેની ટિકિટ એડવાન્સમાં બુક કરાવી શકે છે. તેનાથી ટિકિટ મળવામાં અને મુસાફરીની યોજના બનાવવામાં મદદ મળશે. અત્રે જણાવવાનું કે અત્યાર સુધી તમે ફકત એક મહિના પહેલા જ એડવાન્સ બુકિંગ કરાવી શકતા હતાં.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા : ૩૭૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૧૫૯૪૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૨૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા : ૬૦૮**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૮૬૦૯**

### પટનામાં હાઈ-વોલ્ટેજ ડ્રામા

# લોકડાઉન વચ્ચે તેજસ્વી યાદવ ગોપાલગંજ જવા નિકળ્યા,પોલીસે કારને રોકી

પટના,તા.૨૯

ગોપાલગંજ ટ્રિપલ મર્ડર કેસમાં રાજનીતિએ વેગ પકડ્યો છે. રાષ્ટ્રીય જનતા દળ (ઇત્નઢ)ના ધારાસભ્યો સાથે તેજસ્વી યાદવ ગોપાલગંજ જવા શુક્રવાર સવારે ૧૦.૦૫ વાગ્યે ઘર બહાર નિકળ્યા તો તેમની કાર સામે પોલીસ અધિકારીઓ ઉભા રહી ગયા હતા. રાબડી નિવાસ બહાર હાઈ વોલ્ટેજ ડ્રામા ચાલી રહ્યો છે. મોટી સંખ્યામાં પોલીસને અહીં તહેનાત કરાયા છે. તેજસ્વી યાદવે ગોપાલગંજ હત્યાકાંડમાં જેડીયુ ધારાસભ્યની ધરપકડ માંગ કરી છે.

એક કારમાં બેસીને તેજસ્વી યાદવ, ઇત્નઢના પ્રદેશ અધ્યક્ષ જગદાનંદ સિંહ ગોપાલગંજ જવા નિકળ્યા. ગેટ બહાર આવતા જ પોલીસ અધિકારીઓએ તેમની કારને ઘેરી લીધી હતી. સચિવાલય ડીએસપી કાર સામે ઊભા રહી ગયા. પોલીસ અને સ્થાનિક અધિકારીઓ તેજસ્વી યાદવને યાત્રા ન કરવા સમજાવી રહ્યા છે. તેજસ્વી ગોપાલગંજ જવાની જિદ્દ પકડીને બેઠા છે. તેજસ્વીએ કહ્યું કે લોકડાઉનમાં આરોપીઓને છૂટ છે અને ધારાસભ્યોને પીડિત પરિવારને મળતા રોકવામાં આવી રહ્યા છે.

તેજસ્વી સાથે રાબડી દેવી, તેજ પ્રતાપ યાદવ અને પાર્ટીના ધારાસભ્યો પણ ગોપાલગંજ જવા તૈયાર છે. રાબડી નિવાસ બહાર મોટી સંખ્યામાં લોકો ભેગા થયા છે. પોલીસ અને ઇત્નઢ ધારાસભ્યો વચ્ચે ઘર્ષણ થઈ રહ્યું છે. ધારાસભ્યોએ બેરિકેડિંગ પછાડી દીધા છે. ત્યાર પછી કારનો કાફલો ધીમે ધીમે આગળ વધ્યો છે. જોકે થોડા સમયમાં જ પોલીસે કાફલાને રોકી દીધો હતો. ઇત્નઢ નેતા ભોલા યાદવે કહ્યું હતું કે અમે લોકો શાંતિપૂર્ણ રીતે ગોપાલગંજ જવા માંગતા હતા. સરકારે અમને લોકોને અટકાવવા માટે બિહાર સૈન્ય પોલીસના જવાનોને તહેનાત કર્યા છે. બિહાર સૈન્ય પોલીસના મોટાભાગના લોકો સંક્રમિત મળ્યા છે. સરકારે કોરોના સંક્રમિત જવાનોને મોકલ્યા છે, કારણ કે અમને પણ કોરોના થઈ જાય.

ગોપાલગંજ બનાવ શું છે?

૨૪ મેના રોજ ગોપાલગંજ જિલ્લાના હથુઆ પોલીસ સ્ટેશનની હદમાં રુપનચક ગામમાં જેપી યાદવ, તેના પિતા મહેન ચૌધરી, માતા સંકેસિયા દેવી અને ભાઈ શાંતનુ યાદવ ઉપર બાઈક સવાર ચાર આરોપીઓએ ફાયરિંગ કર્યું હતું. મહેશ અને સંકેરિયા દેવીના ઘટના સ્થળે મોત થયા હતા, જયારે સારવાર દરમિયાન શાંતનુનું મોત થયું હતું. જેપી યાદવની સારવાર ચાલી રહી છે.આ કેસમાં જેપી યાદવે નિવેદન આપ્યું છે કે કુચાયકોટના જેડીયુ ધારાસભ્ય અમરેન્દ્ર કુમાર પાંડેય, તેમના ભત્રીજા મુકેશ પાંડેય, ભાઈ સતીશ પાંડેય અને એક અજાણી વ્યક્તિએ તેમના પર હુમલો કર્યો છે. પોલીસે મુકેશ પાંડેય અને તેના પિતા સતિશ પાંડેયની ધરપકડ કરી છે.

### કેન્દ્રીય ગૃહમંત્રી અને ગૃહ સચિવે તમામ રાજ્યો સાથે મંત્રણા કરી

# દેશ લોકડાઉન-૫.૦ માટે તૈયાર રહે, ૧૩ શહેરોને બાદ કરતાં બાકી બધે મળશે છૂટછાટો

નવી દિલ્હી,તા.૨૯

કોરોના મહામારીને રોકવા અમલમાં મૂકાયેલા રાષ્ટ્રવ્યાપી લોકડાઉન ૪.૦ની મુદત રવિવારે સમાપ્ત થઈ રહી હોવાથી કેન્દ્ર સરકારે લોકડાઉન ૫.૦ની તૈયારી શરૂ કરી દીધી હોવાનું જાણવા મળે છે. .કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ સંબંધમાં તમામ મુખ્યમંત્રીઓ સાથે ફોન ઉપર વાતચીત કરી છે અને ૩૧મી પછી લોકડાઉન વધારવા પર તેમના વિચારો જાણ્યા હતા. આ ઘટનાક્રમમાં ગઈકાલે કેબીનેટ સચિવ રાજીવ ગૌબાએ રાજ્યોના મુખ્ય સચિવો અને સ્વાસ્થ્ય સચિવો સાથે વાત કરી હતી.

સૂત્રોએ કહ્યું કે, જેમા કોરોનાથી સૌથી વધુ અસરગ્રસ્ત ૧૩ શહેરોના કમિશ્નરો, કલેકટરો અને એસપીને સામેલ કરી સરકારે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે લોકડાઉન ૫.૦ દરમિયાન મુખ્ય ભાર હોટસ્પોટ પર રહેશે અને દેશના બાકી ભાગોમાં પહેલેથી વધુ છૂટછાટ અપાશે.

૩૧મી પછી મોટાભાગના રાજ્યો માત્ર કન્ટેન્મેન્ટ ઝોનમાં જ પ્રતિબંધો ઈચ્છે છે. જો કેન્દ્ર સરકાર મંજુરી આપે તો પછી રાજ્ય સરકારો પહેલા કરતા વધુ બજારો ખોલવા, એક રાજયથી બીજા રાજ્ય સુધી પરિવહન સુવિધાને વધુ સુગમ બનાવવા, સોશ્યલ ડીસ્ટન્સીંગ સાથે ધાર્મિક સ્થળો ખોલવા જેવા નિર્ણયો લઈ શકે છે. અમુક રાજ્યો મહિનાની અંદર સ્કૂલો ફરીથી ખોલવા ઈચ્છે છે.

લોકડાઉનના ચોથા તબક્કામાં કેન્દ્રએ રાજ્યોને ઝોન અંગે નિર્ણય લેવા જણાવ્યુ હતું. અનેક રાજ્યોમાં દુકાનો ખુલી ગઈ છે. રેલ્વે અને વિમાન સેવા પણ શરતોને આધીન શરૂ થયા છે. કોરોનાના કેસની ઝડપથી વધતી સંખ્યા સરકાર માટે ચિંતાની બાબત છે, પરંતુ રાહતની વાત એ છે કે કોરોનાના ૭૦ ટકાથી વધુ કેસ ૧૩ શહેરો પુરતા સીમીત થઈ ગયા છે. જેમાં મુંબઈ, ચેન્નઈ, દિલ્હી, અમદાવાદ, થાણે, પૂણે, હૈદરાબાદ, ઈન્દોર, જયપુર, જોધપુર, ચેન્ગલપટ્ટુ અને તેરૂવલ્લુરનો સમાવેશ થાય છે. આ શહેરોમાં જો કોરોના કેસને યોગ્ય રીતે પકડવામાં આવે તો તેને દેશના બાકીના ભાગમાં ફેલાતો અટકાવી શકાશે.

લોકડાઉન ૫.૦મા હોટસ્પોટવાળા વિસ્તારોમાં જ પ્રતિબંધો પર ભાર મુકાશે. જો કે માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગ ચાલુ રાખવુ પડશે. હોટસ્પોટ સિવાય બાકીના ભાગોમાં છૂટછાટો મળી જશે. ૧૩ શહેરો સિવાય બાકીના હિસ્સા માટે પણ કેબીનેટ સચિવે એલર્ટ રહેવાના નિર્દેશો આપ્યા. જેમાં યુપી, બિહાર, પ.બંગાળ અને ઓડિસા છે જ્યાં પ્રવાસી મજુરો પાછા ફરી રહ્યા છે. આ અંગે આવતીકાલે નિર્ણય લેવામાં આવે તેવી શકયતા છે.

કેટલીક સેવાઓ ઉપર પ્રતિબંધ રહેશે બાકીનાને છૂટ આપી દેવામાં આવશે. સરકાર આ ૧૩ શહેરોમાં પુરેપુરી તાકાત લગાડી કોરોનાને નિયંત્રણમાં લેવા પ્રયાસ કરશે. લોકડાઉન-૫.૦ની ચાવી હવે આ ૧૩ શહેરો પાસે જ રહેશે. સમગ્ર ફોકસ એ ૧૩ શહેરોમાં લગાવાશે. શહેરોની અંદર જો વધુ ચેકીંગ થાય તો આવતા ૧૦ દિવસમાં સંક્રમણની સંખ્યા ૭૦ ટકા સુધી ઘટાડી શકાશે. ૧૩ શહેરો સિવાય બાકીના ભાગોમાં અમુક નિયંત્રણો રાખી કામકાજની છૂટછાટો આપી દેવાશે.

# ચીન મુદ્દે ટ્રમ્પનો દાવો બેબુનિયાદ: ભારતનો અમેરિકાને વળતો જવાબ

નવી દિલ્હી,તા.૨૯

ભારત અને ચીન વચ્ચે શરૂ થયેલા સરહદ વિવાદ અંગે ટ્રમ્પે આપેલા નિવેદન બાદ ભારતે પ્રતિક્રિયા આપી હોવાની માહિતી સામે આવી છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, ભારતે જણાવ્યુ કે, ટ્રમ્પ સાથે પીએમ મોદીએ કોઈપણ પ્રકારની વાતચીત કરી નથી. ભારત સરકારના દાવા પ્રમાણે ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે ચાર એપ્રીલ, ૨૦૨૦માં અંતિમ વખત વાતચીત થઈ હતી. જે હાઈડ્રોક્સી ક્લોરોક્વિન અંગે કરવામાં આવી હતી.જ્યારે ટ્રમ્પે જણાવ્યુ હતુ કે, ચીન સાથે ચાલી રહેલા સીમા વિવાદ પર પીએમ મોદી સારા મૂડમાં નથી. ભારત અને ચીન વચ્ચે મોટો સંઘર્ષ ચાલી રહ્યો છે. ૧.૪ બિલિયન વસ્તી ધરાવતા બન્ને દેશની સૈન્ય તાકાત વધારે મજબૂત છે. સીમા વિવાદથી ભારત અને ચીન પણ ખુશ નથી. આ મામલે પીએમ મોદી સાથે મે વાતચીત કરી છે. ત્યારે ટ્રમ્પે મીડિયા બ્રિફિંગ દરમ્યાન આપેલા આ પ્રકારના નિવેદન બાદ ભારત દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હોવાનું માનવામાં આવી રહ્યુ છે.

ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે, સીમા વિવાદથી ભારત અને ચીન પણ ખુશ નથી. આ મામલે પીએમ મોદી સાથે મે વાતચીત કરી છે. પરંતુ ચીન સાથે જે વિવાદ થયો છે. તેનાથી પીએમ મોદી સારા મૂડમાં નથી. આ ઉપરાંત ટ્રમ્પે પીએમ મોદીના વખાણ કરતા જણાવ્યુ હતુ કે, હું પીએમ મોદીને પસંદ કરુ છુ અને તેઓ સજ્જન પુરૂષ છે.

ભારતે ચીન સાથેના સરહદ વિવાદમાં અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના મધ્યસ્થતાની ઓફરને ફગાવી દીધી છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, અમે તેનો શાંતિપૂર્વક ઉકેલ લાવવા માટે ચીનના સંપર્કમાં છીએ, વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે, બંન્ન પક્ષ સેન્ય અને રાજનાયિક સ્તરે વાતચીત ચાલી રહી છે.

ભારત અને અમેરિકા વચ્ચે શરૂ થયેલા તણાવ બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એમ જણાવ્યુ હતું કે, ચીન સાથે ચાલી રહેલા સીમા વિવાદ પર ભારતના પીએમ મોદી સારા મૂડમાં નથી.

## તંત્રી સ્થાનેથી...

# શાહનો સ્વદેશીનો ઊભરો શમી ગયો

આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૨મે ને મંગળવારની રાત્રે રાષ્ટ્રને કરેલા સંબોધનમાં ૨૦ લાખ કરોડનું જંગી આર્થિક પેકેજ જાહેર કરેલું. મોદીએ આ પેકેજ 'આત્મનિર્ભર ભારત અભિયાન' હેઠળ જાહેર કરીને સ્પષ્ટ શબ્દોમાં કહેલું કે, આર્થિક મોરચે આપણે હવે આત્મનિર્ભર બનવું પડશે. મોદીએ સ્પષ્ટ રીતે 'સ્વદેશી' શબ્દ નહોતો વાપર્યો પણ તેમણે જે વાતો કરેલી તેનો સાર એ હતો કે, આપણે આપણું ભલું કરવું હશે તો હવે જાતે જ કરવું પડશે. વિદેશી રોકાણ આવે ને દેશમાં રોજગારી ઊભી થાય તેના કારણે સુખનો સૂરજ ઉગે કે આપણે સુખે રહીએ એવી આશા રાખતા હતા એ હવે છોડવું પડશે. પારકી આશ, સદા નિરાશ એ હિસાબે હવે આપણે જાતે મથવું પડશે ને આ દેશને બેઠો કરવા મચી પડવું પડશે એ મોદીની વાતનો ટૂંક સાર હતો.મોદીની આ જાહેરાતના બીજા જ દાડે મોદીના ખાસ ગણાતા ગૃહ મંત્રી અમિત શાહે એલાન કરી દીધેલું કે, હવે પછી સેન્ટ્રલ આર્મ્ડ ફોર્સીસ કેન્ટિન્સમાં વિદેશી માલ જોવા નહીં મળે ને માત્ર ને માત્ર ભારતીય ઉત્પાદનો જ વેચાશે. ભારતીય કંપનીઓને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવાયો હોવાનું અમિત શાહે ગર્વભેર જાહેર કરેલું. અમિત શાહે તાત્કાલિક રીતે એટલે કે ૧ જૂનથી જ આ ફરમાનનો અમલ કરવાનું એલાન પણ કરી દીધેલું. બે દાડા પછી એટલે કે ૧૫ મેના દાડે તો શાહના ગૃહ મંત્રાલયે આ ફરમાનને લગતો સત્તાવાર આદેશ પણ દેશભરની સેન્ટ્રલ પોલીસ કેન્ટિન્સને મોકલી આપેલો.આપણી સેન્ટ્રલ પોલીસ કેન્ટિન્સમાંથી અર્ધ લશ્કરી દળોના જવાનો અને તેમના પરિવારજનોને રાહત દરે તમામ ઉત્પાદનો મળે છે. એનએસજી કમાન્ડો, બીએસએફ, સીઆરપીએફ, આઈટીબીપી, એસએસબી, સીઆઈએસએફ વગેરે અર્ધ લશ્કરી દળોમાં ૧૦ લાખ કરતાં વધારે જવાનો અને અધિકારીઓ છે. આ જવાનો અને અધિકારીઓના પરિવારના ૫૦ લાખ સભ્યો રોજિંદા વપરાશની ચીજોથી માંડીને વાહનો સુધીનું બધું આર્મી કેન્ટિનમાંથી જ ખરીદતાં હોય છે કેમ કે બજાર ભાવ કરતાં ત્યાં ઓછી કિંમત હોય છે. તેના કારણે આર્મી કેન્ટિન્સમાં જંગી પ્રમાણમાં માલ ખપે છે. શાહના આ એલાનના કારણે વિદેશી કંપનીઓએ આર્મી કેન્ટિનમાંથી થતી કરોડોની કમાણીથી હાથ ધોવા પડે એ જોતાં આ નિર્ણય બહુ મોટો હતો.શાહની આ જાહેરાતથી સાંભળીને ભાજપ ને સ્વદેશીના સમર્થકો ગેલમાં આવી ગયેલા. અમિત શાહે સાચા અર્થમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપતો નિર્ણય લીધો છે એવા મેસેજીસ સાથે તેમનાં ઓવારણાં લેવાવા માંડેલાં. સ્વદેશીની સમર્થક લોબીમાં તો હરખ હરખ થઈ ગયેલો પણ આ હરખ દસ દિવસ પણ ટક્યો નથી. મોટા ઉપાડે સ્વદેશીની વાતો કરનારા શાહે નાકલીટી તાણીને ગૂપચૂપ આ આદેશ પાછો ખેંચી લેવો પડ્યો છે. ગુરુવારે ગૃહ મંત્રાલયે હજુ અઠવાડિયા પહેલાં જ બહાર પાડેલો આદેશ પાછો ખેંચી લીધો ને જાહેર કર્યું કે, હવે પહેલાંની જેમ કેન્ટિનમાંથી બધી ચીજો વેચી શકાશે.શાહના મંત્રાલયે સ્વદેશીનું ફરમાન કર્યું તેના કારણે દેશભરની સેન્ટ્રલ પોલીસ કેન્ટિન્સના કારભારીઓએ નવી ખરીદી બંધ કરી દીધેલી કેમ કે એ લોકો ગૂંચવાઈ ગયેલા. ગૃહ મંત્રાલયે રાતોરાત ફરમાન તો કરી દીધું પણ સ્વદેશી એટલે ક્યાં ઉત્પાદનો એ વિશે કોઈ ચોખવટ કરી જ નહોતી તેથી કેન્ટિનોના કારભારીઓને શું કરવું એ ખબર જ નહોતી. આ સ્થિતિમાં શ્રેષ્ઠ રસ્તો નવું કશું ખરીદવું જ નહીં એ જ હતો ને એ રસ્તો તેમણે અપનાવી લીધેલો. હવે ગૃહ મંત્રાલયે પહેલાંની જેમ જ ખરીદી કરવાની છૂટ આપી દેતાં તેમને પણ રાહત થઈ ગઈ છે.ગૃહ મંત્રાલયે પહેલાં મોટા ઉપાડે સ્વદેશનાં બણગાં ફૂંક્યાં ને પછી થૂંકેલું ચાટીને એ આદેશ પાછો ખેંચી લીધો એ ઘટનાએ આપણી સૌથી મોટી નબળાઈને ઉઘાડી પાડી દીધી. બલકે આપણી જાંઘ ખુલ્લી કરી દીધી એમ કહીએ તો ચાલે. આપણે આત્મનિર્ભરતાની ગમે તેટલી વાતો કરીએ, વિશ્વગુરુ બનવાના ગમે તેટલા ફાંકા મારીએ પણ વાસ્તવિકતા એ છે કે, આપણામાં આપણી સામાન્ય જરૂરિયાતની ચીજો બનાવવાની પણ તાકાત નથી. અમિત શાહે મોટા ઉપાડે સ્વદેશી ચીજો જ વેચાશે એવું એલાન તો કરી દીધું પણ એ એલાનનો અમલ કરવા જાય તો કેન્ટિન્સમાં પછી વેચવા જેવું જ કશું ના બચે. બાબા રામદેવની ચીજો વેચવી પડે, એ સિવાય બીજું કશું વેચવા જેવું રહે જ નહીં. આ વાત થોડી કડવી લાગશે પણ સાવ સાચી છે.ભારતમાં દૂધ અને તેની બનાવટોને બાદ કરતાં બાકીની તમામ પ્રોડક્ટ્સ વિદેશી કંપનીઓની જ વેચાય છે. અંગ્રેજો આ દેશ છોડી ગયા ને આપણે આઝાદ થઈ ગયા એવા ભ્રમમાં ભલે આપણે રહીએ, પણ આપણે હજુય વિદેશીઓના ગુલામ જ છીએ કેમ કે આપણે નાનામાં નાની જરૂરિયાત માટે પણ વિદેશી કંપનીઓ પર જ નિર્ભર છીએ. ટૂથપેસ્ટ હોય કે ટીવી હોય, એર કન્ડિશનર હોય કે એરોપ્લેન હોય, મોબાઈલ ફોન હોય કે મોટર કાર હોય, આપણી લગભગ બધી જરૂરિયાતોયાતો વિદેશી કંપનીઓ જ પૂરી કરે છે. કોઈ દિવસ નિરાંતે જે ચીજો વાપરીએ છીએ એ કઈ કંપનીઓ બનાવે છે તેની તપાસ કરશો તો ખબર પડશે કે આપણે વિદેશી કંપનીઓ પર સંપૂર્ણપણે નિર્ભર છીએ ને કમાણીમાંથી મોટો હિસ્સો તો વિદેશી કંપનીઓ જ ઉસેટી જાય છે.ભારતમાં જ નહીં પણ દુનિયામાં કોઈ પણ દેશમાં સૌથી મોટું બજાર ફાસ્ટ મૂવિંગ કધઝ્યુમર ગુડ્ઝિનું હોય છે, જે ચીજોની જરૂર રોજેરોજ અથવા ચોક્કસ સમયાંતરે પડે, જે ચીજ એક વાર વપરાય પછી ઉપયોગમાં લેવા જેવી ના રહે એ ચીજો આ કેટેગરીમાં આવે. ટૂથપેસ્ટ, સાબુ, શેમ્પુ, કોલ્ડ્રિંક્સ વગેરે ઢગલાબંધ ચીજો આ કેટેગરીમાં આવે છે. ભારતમાં ૧૩૦ કરોડની વસતી હોવાથી આ બધી ચીજો થોકબંધ પ્રમાણમાં વપરાય છે ને તેમનો ધંધો ધમધોકાર ચાલે છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૩૦/૦૫/૨૦૨૦, શનિવાર, જેઠ સુદ-૮
સૂર્યોદય-૬-૦૩, સૂર્યાસ્ત-૭-૨૫, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ મઘા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૧૨-૧૮થી ૧૩-૧૧ સુધી, ૭-૪૪ થી શુભ-૯-૨૪ સુધી, ૧૨-૪૫ થી ચલ-લાભ-અમૃત-૧૭-૪૫ સુધી, ૧૯-૨૫થી લાભ-૨૦-૪૫ સુધી, ૨૨-૦૫ થી શુભ-અમૃત-૨૪-૪૫ સુધી

**- શુભ હોરા-**

૭-૧૧ થી ૮-૧ ૮ સુધી, ૧૦-૩૧ થી ૧૩-૫૧ સુધી, ૧૪-૫૮થી ૧૬-૦૫સુધી, ૧૮-૧૮થી ૨૧-૧૨ સુધી

## શ્રમિકની કફોળી સ્થિતિ મુદ્દે ગુજરાત સરકારને માનવ અધિકાર પંચની નોટીસ

# ગુજરાત સરકારે કોરોના મહામારીમાં ગરીબો અને શ્રમિકો માટે નક્કર કામગીરી કરી જ નથી : વશરામભાઈ સાગઠીયા



રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયાએ જણાવ્યું છે કે સમગ્ર વિશ્વમાં કોરોના COVID-19 મહામારી કે કહેર મચાવ્યો છે ત્યારે ભારત સરકારે કોરોના મહામારી પગલે લોકડાઉન અમલમાં મુક્યું છે તેમજ લોકડાઉનની સ્થિતિમાં હાલ સમગ્ર ભારત દેશ ચોથા તબક્કામાં કોરોના COVID-19 મહામારી સામે જજુમી રહ્યો છે તેમજ ગુજરાત રાજ્યમાં રાજ્ય સરકાર દ્વારા કામગીરી અને અમલવારીમાં લાલિયાવાડી જોવામળી છે અને સરકારે તકેદારીના પગલાઓ લેવામાં પણ કાળજી રાખેલ નથી તેમજ રાજકોટ શહેર અને જીલ્લામાં લોકડાઉનના પગલે રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા દ્વારા અનેકવિધ માંગણીઓ કરવામાં આવેલ હતી તે બાબતે રાજકોટ કલેકટરશ્રી અને ગુજરાત સરકારે ગંભીરતા દાખવી ન હોવાના કારણે રાજકોટ શહેર-જીલ્લામાં વસવાટ કરતા લોકો અને લોકડાઉનમાં ફસાયેલા લોકો અને શ્રમિકોને પોતાના વતનમાં મોકલવા અંગે અવારનવાર રજૂઆત કરેલ હતી પરંતુ કલેકટરશ્રીએ અમારા દ્વારા કરવામાં આવેલ રજૂઆતના પગલે ગંભીરતા ન દાખવી જેથી લોકો અને શ્રમિકો હેરાન પરેશાન થઇ ગયા. તદુપરાંત નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા વતન જવા ઇચ્છતા શ્રમિકોને પરિવહન શેલ્ટર ભોજન અને પાણીની સુવિધા વિનામુલ્યે સુવિધા આપવા માટે હુકમ કર્યો છે ત્યારે આ બાબતે રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા આજદિન સુધીમાં આ સુવિધા આપવામાં સરકાર દ્વારા ઘોર વિલંબ કરવામાં આવ્યો છે તેમજ અંદાજે હજ્જારો શ્રમિકો પોતાના વતન પગપાળા જવા નીકળી હતા તેમજ તેઓની પાસે ટીકીટ ભાડા ચૂકવાના ના નાણા પૂરતા ના હોવાથી આ રીતે નીકળવું પડ્યું હતું, તેમજ આ રીતે નીકળેલ અનેક શ્રમિકોના મૃત્યુ થયા છે જેમાં રોડ અકસ્માત, ટ્રેન અકસ્માતમાંઅને ભુખથી અનેક લોકો મૃત્યુ પામેલ છે જેની સંપૂર્ણ જવાબદારી સરકારશ્રીની હોય છે તેમજ અગાઉ પણ અમો દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોવામાં આવેલ હતું તે બાબતે ધ્યાન ના આપતા જેના પરિણામે આજે માનવઅધિકાર પંચે ગુજરાત સરકારને નોટીસ ફટકારવામાં આવેલ છે. રાજકોટ કલેકટરશ્રીને ઉપરોક્ત માંગણીઓ કરવામાં આવેલ હતી તેમજ શ્રમિકોની કફોળી હાલત બાબતે કોંગ્રેસે ખુબ જ ચિંતા કરી હતી અને તંત્રને અવારનવાર લેખિત-મૌખિત માંગણીઓ કરેલ હતી.

શ્રી સાગઠીયાએ જણાવ્યું છે કે શ્રમિકોની હાલત ખુબજ દયનીય હોય ત્યારે સરકારે તોળાતા પગલા લેવા જોઈએ તેની બદલે સરકારે માત્રને માત્ર ફોટોગ્રાફી કરાવી માત્ર પેપર ટાઈગર બન્યા છે અને એસી ચેમ્બરોમાં બેસીને ટાઈમ પાસ કર્યો છે.

માનવાધિકાર પંચ દ્વારા તા.૨૮/૦૫/૨૦૨૦ના રોજ નોટીસ ફટકારવામાં આવી છે જેમાં ગુજરાત સરકારને નોટીસમાં જણાવ્યું છે કે ગરીબો, મજદુરોને મુસાફરી દરમ્યાન રક્ષણ આપવામાં તંત્ર નિષ્ફળ રહ્યુ છે મીડીયાના રીપોર્ટના આધારે કમિશન દ્વારા સુઓમોટો લીધો હતો જેમાં ટ્રેનો મૂળ સ્ટેશને મોડી પહોંચી રહી છે તેની પણ નોંધ લીધી હતી તેમજ એક રીપોર્ટ અનુસાર અનેક મજુરો મુસાફરી દરમ્યાન જ મોતને ભેટ્યા છે અને તેમને યોગ્ય ભોજન અને પાણીની વ્યવસ્થા પણ નથી કરવામાં આવી અને ભૂખ્યા પેટે રહેવાથી મોત થયા હોવાથી માનવ આધિકાર પંચ દ્વારા સરકારને નોટીસ ફટકારી જવાબ માંગ્યો છે. તેમજ આ બાબતે સરકાર દ્વારા પ્રજાની જરૂરીયાતો અન્વયે પૂરતા પગલા સત્વરે લે અને સરકાર શ્રમિકો અને ગરીબોને વ્હારે આવે તેવી ભગવાન પાસે પ્રાર્થના કરીએ.

(વશરામભાઈ સાગઠીયા)



ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ડો. સંબિત પાત્રાને ગુરુગ્રામની એક હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગુરૂવારે તેમને કોરોનાના લક્ષણો જણાતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામા આવ્યા છે.

# ગુજરાત સરકાર નું એક નવું ગતકડું- કોવિડ-૧૯ ડેશબોર્ડની પેટર્ન બદલી

અમદાવાદ,તા.૨૯

રાજ્યમાં કોરોના વાયરસનો ચારેબાજુ કહેર વરસી રહ્યો છે, ત્યારે રાજ્ય સરકાર કોરોના દર્દીઓના આંકડાઓ છૂપાવવા માટે અનેક ગતકડા કરી રહી છે. ગુજરાતના આરોગ્ય વિભાગે કોરોનાની સ્થિતિને લઈને દરરોજ પ્રકાશિત કરવામાં આવનાર પ્રેસનોટમાં પણ ફેરફાર કર્યા છે. હાલ એક મોટા સમાચાર મળી રહ્યા છે. ગુજરાતમાં હવે કોવિડ-૧૯ ડેશબોર્ડની પોઝિટિવ કેસ દર્શાવાની પેટર્ન બદલી નાંખવામાં આવી છે. પેટર્ન બદલાઈ હોવાની વાત સામે આવતા આ મુદ્દો અહેવાલોમાં ચમક્યો હતો. કોવિડ ડેશ બોર્ડમાં હવે એક્ટિવ કેસની માહિતી જ દર્શાવાઈ રહી છે. તેના સિવાયની કોઈ માહિતી સરકાર આપી રહી નથી. અગાઉ જિલ્લાવાર ક્યાં કેટલા કેસ નોધાયા અને કેટલા ડિસ્ચાર્જ થયા તે સહિતની તમામ વિગતવાર માહિતી મુકાતી હતી.

પરંતુ હવે કોવિડ-૧૯ ડેશબોર્ડની પેટર્ન બદલાતા સરકારે તેના પર એક્ટિવ કે, રિકવરી કેસ, કોરોના ટેસ્ટ, મૃત્યુ, ક્વોરન્ટાઈનની જ માહિતી આપવાનું નક્કી કર્યું છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, ગુજરાતના આરોગ્ય વિભાગે કોવિડ-૧૯ ડેશ બોર્ડની પોઝીટીવ કેસ બતાવતી પેટર્ન બદલી નાંખી છે. કોવિડ ડેશ બોર્ડમા હવે એક્ટીવ કેસની જ માહિતી મુકાઈ છે. હવે ડેસ્ક બોર્ડમા એક્ટિવ કેસ, રિકવરી કેસ, કોરોનાં ટેસ્ટ, મૃત્યુ અને અંડર કોરોનટાઈન વ્યક્તિઓની અલગ અલગ માહિતી મુકવામાં આવી છે, પહેલા જિલ્લાવાર માહિતી મુકવામાં આવતી હતી, પરંતુ સરકારે તેમાં કાપકૂપ કરીને અડધી માહિતી આપવાનું શરૂ કર્યું છે.

આરોગ્ય વિભાગના અગ્ર સચિવ દ્વારા પત્રકાર પરિષદનું સંબોધન બંધ થઇ ચુક્યું છે. હવે માત્ર વિભાગ દ્વારા પ્રેસનોટ જ આપવામાં આવે છે. છેલ્લા બે દિવસથી આરોગ્ય સચિવ, સીએમઓના સચિવના બ્રીફિંગ બંધ થઈ ગયા છે. આવામાં હવે આરોગ્ય સચિવ દ્વારા જે પ્રેસનોટ આપવામાં આવે છે તેમાં પણ પૂરતી માહિતીનો અભાવ જોવા મળી રહ્યો છે. હવે ગુજરાત સરકાર પોતાની જનતાથી કંઈક છુપાવવા માંગતી હોય તેવું લાગી રહ્યું છે.

# શનિવારથી રાજ્યભરમાં ૩ દિવસ સુધી તબક્કાવાર ૩ ડિગ્રી સુધી ઘટવાની શક્યતા

અમદાવાદ,તા.૨૯

સમગ્ર રાજ્યમાં કોરોનાનાં કારણે લોકો પારાવાર મુશ્કેલીયોનો સામનો કરવો પડ્યો છે.ત્યારે આ પરિસ્થિતિમાં ખેડૂતોની હાલત વધુ કફોડી બની છે. જ્યારે ખેડૂતોને હવે વધુ એક કસોટીનો સામનો કરવો પડી શકે છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના અનુસાર 'ગુજરાતમાં હાલ દક્ષિણ- પશ્ચિમથી પશ્ચિમ દિશાનો પવન વહી રહ્યો છે. જેના કારણે આગામી પાંચ દિવસ દરમિયાન સુરત, વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ગીર સોમનાથ, દીવ, જુનાગઢમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ સિવાય રાજ્યમાંથી અન્યત્ર આગામી ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનમાં ફેરફાર થવાની સંભાવના નથી. આ પછી શનિવારથી રાજ્યભરમાં ૩ દિવસ સુધી તબક્કાવાર ૩ ડિગ્રી સુધી ઘટી શકે છે. જેના લીધે ગરમીમાં રાહત અનુભવાશે. ' હવામાન અંગે આગાહી કરતી ખાનગી સંસ્થાના મતે અમદાવાદમાં ૪ થી ૬ જૂન દરમિયાન છૂટાછવાયા ઝાપટાં પડી શકે છે.

આ દરમિયાન ૪૪.૨ ડિગ્રી સાથે ભાવનગરમાં સૌથી વધુ ગરમી નોંધાઈ. અમદાવાદમાં ૪૩.૨ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧.૫ ડિગ્રીનો વધારો થયો હતો. રાજ્યમાંથી અન્યત્ર ડીસામાં ૪૧.૮, ગાંધીનગરમાં ૪૩, વડોદરામાં ૪૧, સુરતમાં ૩૪, અમરેલીમાં ૪૧, પોરબંદરમાં ૩૫.૧, રાજકોટમાં ૪૨.૧, દીવમાં ૩૪.૮, સુરેન્દ્રનગરમાં ૪૨.૧, ભૂજમાં ૩૮.૬, નલિયામાં ૩૫.૬ ડિગ્રી સરેરાશ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

# કોટનમાં ૧,૬૨,૫૦૦ ગાંસડીના સાપ્તાહિક વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યા

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી એક્સચેન્જ એમસીએક્સ પર ૨૨થી ૨૮ મેના સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં કુલ રૂ.૧,૨૦,૬૪૬.૨૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં મિશ્ર વલણ સામે ચાંદીમાં ઉછાળો હતો. બિનલોહ ધાતુઓમાં તાંબુ અને નિકલ ઘટવા સામે સીસું અને જસત વધ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ ટકેલું હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદામાં વૃદ્ધિ સામે નેચરલ ગેસ ઘટી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કોટનમાં ૧,૬૨,૫૦૦ ગાંસડીના સાપ્તાહિક વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યા હતા. સીપીઓમાં સુધારાના સંચાર સામે એલચીમાં નરમાઈ હતી. મેન્થા તેલમાં બેતરફી વધઘટ વાયદાના ભાવમાં હતી.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૪૬૬ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૭,૧૫૦ અને નીચામાં રૂ.૪૫,૭૭૫ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૪૬,૩૮૮ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧૭ (૦.૦૪ ટકા)ના સુધારા સાથે રૂ.૪૬,૪૦૫ના સ્તરે બંધ થયો હતો. ગોલ્ડ-ગિનીનો જૂન વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૭,૯૩૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૬૭ (૦.૪૪ ટકા) ઘટી રૂ.૩૭,૬૭૧ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૩૮,૪૭૨ અને નીચામાં રૂ.૩૭,૩૭૮ બોલાયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો જૂન વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪,૭૨૮ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૮ (૦.૧૭ ટકા) ઘટી બંધમાં રૂ.૪,૬૯૯ના ભાવ થયા હતા. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪,૭૬૬ અને નીચામાં રૂ.૪,૬૪૬ બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૬,૪૨૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૭,૧૫૦ અને નીચામાં રૂ.૪૫,૮૫૫ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૫૭ (૦.૧૨ ટકા)ની વૃદ્ધિ સાથે બંધમાં રૂ.૪૫,૮૫૫ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૪૭,૨૨૭ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૯,૦૦૦ અને નીચામાં રૂ.૪૬,૯૫૮ના સ્તરને સ્પર્શી, આગલા સપ્તાહનાં રૂ.૪૭,૩૩૫ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૨૨૩ (૨.૫૮ ટકા) ઉછળી રૂ.૪૮,૫૫૮ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૭,૭૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૪૯,૩૬૩ અને નીચામાં રૂ.૪૭,૩૧૮ના મથાળે અથડાઈ, આગલા સપ્તાહનાં રૂ.૪૭,૭૨૬ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૧૯૯ (૨.૫૧ ટકા)ની ભાવવૃદ્ધિ સાથે રૂ.૪૮,૯૨૫ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૭,૭૫૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૪૯,૪૭૨ અને નીચામાં રૂ.૪૭,૫૦૧ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૧,૨૦૬ (૨.૫૨ ટકા) વધી બંધમાં રૂ.૪૯,૦૨૩ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબુ જૂન વાયદો કિલોદીઠ રૂ.૪૧૩.૯૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૦.૫૫ (૦.૧૩ ટકા) ઘટી રૂ.૪૧૫.૭૫ બંધ થયો હતો, જ્યારે નિકલનો જૂન વાયદો કિલોદીઠ રૂ.૯૩૬ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૩.૨૦ (૧.૪૦ ટકા) ઘટી બંધમાં રૂ.૯૩૦.૩૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો જૂન વાયદો કિલોદીઠ રૂ.૧૩૧.૭૦ ખૂલી, સપ્તાહના અંતે કોઈ ફેરફાર વગર રૂ.૧૩૨ના સ્તરે સ્થિર હતો. સીસું જૂન વાયદો રૂ.૧૩૧.૮૫ ખૂલી, સપ્તાહના અંતે ૪૫ પૈસા (૦.૩૪ ટકા) વધી રૂ.૧૩૨.૩૦ અને જસત જૂન વાયદો રૂ.૧૫૪.૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨.૫૦ (૧.૬૧ ટકા) વધી રૂ.૧૫૭.૯૫ના સ્તરે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો જૂન વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૨,૪૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨,૬૩૫ અને નીચામાં રૂ.૨,૩૭૫ બોલાઈ સપ્તાહના અંતે રૂ.૧૯ (૦.૭૪ ટકા)ની વૃદ્ધિ સાથે બંધમાં રૂ.૨,૫૮૨ના ભાવ થયા હતા, જ્યારે નેચરલ ગેસનો જૂન વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૪૦.૧૦ ખૂલી, સપ્તાહના અંતે ૫૦ પૈસા (૦.૩૬ ટકા) ઘટી રૂ.૧૩૯.૯૦ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૧૫૦.૩૦ અને નીચામાં રૂ.૧૩૯.૩૦બોલાયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના વાયદાઓમાં ગાંસડીદીઠ રૂ.૧૨૦થી રૂ.૧૭૦ની રેન્જમાં ઘટાડો હતો. કોટનનો જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૫,૯૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૫,૯૫૦ સુધી જઈ, આગલા સપ્તાહનાં રૂ.૧૬,૦૦૦ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧૨૦ (૦.૭૫ ટકા)ના ભાવઘટાડા સાથે રૂ.૧૫,૮૮૦ના સ્તરે બંધ થયો હતો.

કપાસનો એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૯૮૬ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૯૮૯ સુધી જઈ, આગલા સપ્તાહનાં રૂ.૯૮૭ના બંધ સામે સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૪ (૦.૪૧ ટકા) ઘટી રૂ.૯૮૩ના સ્તરે બંધ થયો હતો.

ક્રૂડ પામતેલ (સીપીઓ)ના ત્રણેય વાયદા ૧૦ કિલોદીઠ રૂ.૨૧.૨૦થી રૂ.૨૭.૪૦ જેટલા વધ્યા હતા. સીપીઓનો જૂન વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૫૯૭.૯૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૫.૬૦ (૪.૨૩ ટકા) વધી રૂ.૬૩૦.૮૦ બંધ થયો હતો. આ વાયદો સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૬૪૨.૨૦ બોલાયો હતો.એલચીના વાયદાઓમાં જૂન વાયદો કિલોદીઠ રૂ.૧,૬૧૨ ખૂલી, સપ્તાહના અંતે આ વાયદો રૂ.૬૧.૮૦ (૩.૭૨ ટકા) ઘટી રૂ.૧,૬૦૦ના સ્તરે બંધ થયો હતો.

મેન્થા તેલનો જૂન વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧,૦૭૪.૯૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧,૦૭૪ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૧૬.૫૦ (૧.૫૩ ટકા) ઘટી બંધમાં રૂ.૧,૦૫૯.૪૦ના ભાવ થયા હતા.કામકાજની દ્રષ્ટિએ સપ્તાહ દરમિયાન, સોનાના વાયદાઓમાં રૂ.૪૪,૪૯૭.૪૪ કરોડનાં ૯૫.૪૬૨ ટન, ચાંદીના વાયદાઓમાં રૂ.૩૩,૪૬૨.૪૪ કરોડનાં ૬,૯૩૧.૭૦૨ ટન, તાંબામાં રૂ.૪,૯૩૭.૯૯ કરોડનાં ૧,૧૯,૯૨૭.૫૦૦ ટન, નિકલમાં રૂ.૭,૪૨૮.૫૯ કરોડનાં ૮૦,૦૦૪ ટન, એલ્યુમિનિયમમાં રૂ.૫૨૪.૬૦ કરોડનાં ૪૦,૧૫૨ ટન, સીસામાં રૂ.૯૪૪.૦૨ કરોડનાં ૭૧,૬૮૭ ટન, જસતમાં રૂ.૩,૧૯૦.૪૮ કરોડનાં ૨,૦૩,૫૭૮ ટન, ક્રૂડ તેલમાં રૂ.૧૩,૩૦૧.૪૨ કરોડનાં ૫,૨૯,૦૬,૧૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં રૂ.૧૧,૨૭૯.૨૭ કરોડનાં ૮૧,૦૫,૮૩,૭૫૦ એમએમબીટીયૂ, કપાસમાં રૂ.૩.૧૭ કરોડનાં ૬૪૪ ટન, કોટનમાં રૂ.૨૫૫.૭૧ કરોડનાં ૧,૬૨,૫૦૦ ગાંસડી, સીપીઓમાં રૂ.૮૧૩.૩૭ કરોડનાં ૧,૨૯,૨૫૦ ટન, એલચીમાં ૧ ટન અને મેન્થા તેલમાં રૂ.૭.૫૭ કરોડનાં ૭૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૨૩.૦૩૩ ટન, ચાંદીમાં ૪૧૨.૪૬૮ ટન, તાંબામાં ૭,૦૬૦ ટન, નિકલમાં ૧,૫૯૦ ટન, એલ્યુમિનિયમમાં ૫,૧૯૨ ટન, સીસામાં ૨,૫૦૩ ટન, જસતમાં ૯,૪૯૯ ટન, ક્રૂડ તેલમાં ૩,૦૭,૯૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં ૮૩,૭૭,૫૦૦ એમએમબીટીયૂ, કપાસમાં ૭૨ ટન, કોટનમાં ૧,૦૮,૦૫ ગાંસડી, સીપીઓમાં ૩૯,૮૨૦ ટન, એલચીમાં ૨ ટન અને મેન્થા તેલમાં ૪૪ ટનના સ્તરે રહ્યો હતો.

# ન્યુઝ ઓફ ગાંધીનગર ધર્મ જ્ઞાન વિભાગ

રસપાન(૧૦)

॥ दहा ॥

त्रिवेणीसंगमीं नाना तीर्थें भ्रमी । चिक्षा नाहीं नामीं तरी तें व्यर्थ ॥१॥

नामासी विन्मुख तो नर पापिया । हरिवीण धांवया न पावे कोणी ॥२॥

पुराणप्रसिद्ध वोलिले वाल्मीक । नामें तीन्ही लोक उद्धरती ॥३॥

ज्ञानदेव 6हणे नाम जपा हरीचें । परंपरा त्याचें कुळ शुद्ध ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૧૦

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને કહે છે કે,'' હરિનું નામ સ્મરણ કર ,હરિના નામનો જાપ જપ,કે હરિનું ધ્યાન ધર પણ બધું જ કાર્ય ફક્તને ફક્ત ચિત્તની એકાગ્રતાથી ને હરિની વાતો કર આમ તેનું જ લક્ષ ધર.

હિન્દુ ધર્મમાં મનાય છે કે તીર્થ યાત્રા કરવાથી ખૂબજ પુણ્યનો લાભ થાય છે.પરંતુ જો પરમેશ્વરના નામમાં જ મન અને ધ્યાન ન હોય તો બીજી બધી તીર્થયાત્રા કરવાથી શું ફાયદો ? ત્રિવેણી સંગમ પર (પ્રયાગમાં) જવાનો કોઈ અર્થ નહિ.જે માનવ હરિના નામસ્મરણ માટે પણ પીઠ ફેરવતો હોય તો તે માનવ પાપી જ છે!

સંકટનાં સમયે હરિ વિના કોઈપણ મદદે નહિ આવે.રામનામના જાપ સતત રટણ કરીને ઋષિપદ પ્રાપ્ત કરનાર કોળી લૂંટારા વાલ્મીકિના નામનું ઉદાહરણ શ્રી જ્ઞાનદેવે અહીં આપ્યું છે

તે જ વાલ્મીકિ ઋષિ જગતને એ જ સંદેશો આપે છે કે,'' પ્રભુ નામથી ત્રૈલોક્યમાં (ત્રિલોકમાં) સર્વ જીવોનો ઉધ્ધાર થાય છે.

શ્રી જ્ઞાનદેવ પણ કહે છે કે,'' હરિનામના જાપ કરવા જરૂરી છે.જો આવી જ ભક્તિભાવથી જપ કરશો તો તેના કુળ શુદ્ધ થઈ જશે અને પરંપરાથી તેના વંશજો પણ પવિત્ર ને શુદ્ધ આચરણ રૂપ અવતરશે.તેના કુળનો ઉદ્ધાર થશે.

અનુવાદ :જયશ્રી પટેલ ૨૩/૫/૨૦૨૦

---

રસપાન(૧૧)

॥ अकरा ॥

हरि उच्चारणीं अनंत पापराशी । जातील लयासी क्षणमात्रे ॥१॥

तृण अग्निमेळें समरस झालें । तैसें नामें केलें जपतां हरि ॥२॥

हरि उच्चारण मंत्र पै अगाध । पळे भूतबाधा भेणे याचे ॥३॥

ज्ञानदेव 6हणे हरि माझा समर्थ । न करवे अर्थ उपनिषदां ॥४॥रविया

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૧૧

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને કહે છે કે ,'' હેભક્તો,હરિના નામસ્મરણથી,હરિના જાપથી ને તેના ઉચ્ચારથી અનંત પાપોનો નાશ થાય છે.તેનો ક્ષય થતાં ક્ષણભરની પણ વાર લાગતી નથી.જેમ સૂકા ઘાસને અગ્નિની જ્વાળાથી બળીને રાખ થતાં વાર ન લાગે તેમજ હરિનો જાપ કરતા કે મંત્રોચ્ચાર કરતાં જ પાપ નો નાશ થાય છે,હરિનામમાં એટલી તાકત રહેલી છે.

મંત્રના નામ સ્મરણથી ભૂતના ડરની પીડા પણ નહિવંત થઈ જાય છે.હરિ ખૂબ તાકતવર છે,પણ તેનું સંપૂર્ણ સફળ વર્ણન કરવું એ ઉપનિષદોમાં પણ શક્ય બન્યું નથી.તેમાં પણ આ આખરી નથી કે અંતિમ રૂપમાં નથી .

તેઓ કહે છે કે,'' બ્રહ્મરૂપ એવા પૂર્ણાવતાર ઈશ્વર હરિનું વર્ણન કેટલુંય કરીએ તો પણ તે। પૂર્ણ થતું નથી.''

આટલું વર્ણન કર્યું એ બસ છે !''

પૂર્ણ થયું એમ ન જ કહી શકાય.''

આથી એનો અર્થ અંત નથી,તેનો તો કોઈ અંત નથી...એમ કહી શકાય.

માટે હરિનામનો મંત્ર જ શ્રેષ્ઠ છે,જે સર્વ પાપ, ડરને દૂર રાખે છે.

અનુવાદ :જયશ્રી પટેલ ૨૪/૫/૨૦૨૦

---

રસપાન(૧૨)

॥ बारा ॥

तीर्थ व्रत नेम भावेंविण सिद्धि । वायांचि उपाधि करिसी जनां ॥१॥

भावबळें आकळे ये:हवीं नाकळे । करतळीं आंवळे तैसा हरि ॥२॥

पारियाचा रवा घेतां भूमिवरी । यत्न परोपरी साधन तैसें ॥३॥

ज्ञानदेव 6हणे निवृक्षि निर्गुण । दिधलें संपूर्ण माझे हातीं ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૧૨

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને કહે છે કે,'' હે ભક્ત,ભક્તિ માર્ગથી ખરી શ્રદ્ધાનું મહત્વ કેટલું વધી જાય છે અને બીજા બધા સાધનો ભક્તિભાવ વગર વ્યર્થ છે.આ સમજાવી શ્રી જ્ઞાનેશ્વર ગુરૂકૃપાનું મહત્વ ફરી અહીં સમજાવે છે.

નવા ભક્તિ માર્ગમાં જોડાયેલા મુમુક્ષુઓને( ભક્તોને) જ્ઞાનદેવ આ અભંગ(ભજન)માં કેટલીક કીમતી સૂચનાઓ આપે છે.તેઓ કહે છે કે,'' હે ભક્ત ! જો અંતઃકરણથી ભક્તિભાવના ન હોય તો તીર્થયાત્રા કરશો તો પણ વ્યર્થ છે, વ્રત કરશો તો પણ વ્યર્થ છે,જીવનનાં નિયમ બનાવશો તો પણ વ્યર્થ છે,આ બધાથી હરિ પ્રાપ્ત થવાના નથી.આ બધું કરવાથી સમાજમાં મોટા ગણાશો ,મોટા વ્યક્તિની ઉપાધી પણ મળશે પણ તે ઉપાધી જ રહેશે.

અરે ભક્ત ! જો ખરા મનથી હથેળી નીચે આંબળું મૂક્યું હશે,ને તમે એ પહેલી નજરે જે જોયું હશે તે સ્પર્શથી પણ કળાશે.તેવીજ રીતે હરિ પણ દર્શન દેશે,તે બીજા કશા બાહ્ય ઉપચારોથી નહિ જ ગ્રહાય(નહિ જ મળે).

જેમ પારાના ટીપાં જમીનપર પડે ત્યારે તેનાં કણ સર્વત્ર વિખરાય જાય ને તેને ભેગા કરવા મુશ્કેલ થઈ જાય છે.તેવીરીતે કેટલાય પ્રયત્ન કરી,કેટલીય ઉપાસના કરીએ ત્યારે પણ ચારે બાજુ દોડનારું મન એકત્ર થતું નથી.

આટલું કહી શ્રી જ્ઞાનદેવ આગળ કહેછે,'' મારા ગુરૂ શ્રી નિવૃત્તિ મહારાજે મને સગુણ ભક્તિ દ્વારા નિર્ગુણ પરમેશ્વરનો અનુભવ પ્રત્યક્ષ રૂપે ધર્યો છે.એકાદ વસ્તુ સરળતાથી હાથમાં આવે તેમ ગુરૂએ જ શ્રી હરિનું સંપૂર્ણ તત્વ મારી સામે પ્રત્યક્ષ ધર્યું છે. માટે જ ગુરૂ જ મહાન છે.

આમ શ્રી જ્ઞાનદેવે હરિ પ્રાપ્તિ માટે ગુરૂની આવશ્યક્તા દર્શાવી છે.

અનુવાદ :જયશ્રી પટેલ ૨૫/૫/૨૦૨૦

---

-રસપાન(૧૩)-

॥ तेरा ॥

समा?? हरिची सम सुखेंवीण । न साधेल जाण द्वैतबुद्धि ॥१॥

बुद्धीचें वैभव अन्य नाहीं दुजें । एका केशवराजें सकळ सिद्धि ॥२॥

ऋद्धि सिद्धि निधी अवघीच उपाधि । जंव त्या परमानंदीं मन नाहीं ॥३॥

ज्ञानदेवी र6य रमलें समाधान । हरिचें चिंतन सर्वकाळ ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૧૩

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને કહે છે કે,''હે ભક્ત ,ભક્તિ માર્ગ દ્વારા જ સિધ્ધીની પાછળ લાગવું કેટલું અયોગ્ય છે, તેના કરતા ભક્તિભાવથી પોતાનું મન હરિચિંતનમાં મગ્ન થાય ને બીજાને પણ તેમ અનુસરવા કહેવું એ જ યોગ્ય છે.''

શ્રી જ્ઞાનદેવ આ અભંગમાં દ્વૈતાત્મક અને ભેદાત્મક વિચારસરણી ભક્તિમાર્ગ માટે ઉપયોગી નથી. એમ સમજાવે છે.

સાદ્રશ્ય - સરખાપણાની અવસ્થામાં જ્યારે મન હોય ત્યારે ખરેખર આત્મ સુખ પ્રાપ્ત થાય છે અને હું પણાથી જે વ્યવહારમાં દ્વંદ્વ અને ભેદ જોવા મળે છે ને તે જ વૃત્તિથી કાર્ય થાય , તો તેમાં સરખાપક્ણું મૂળથી જ પ્રાપ્ત ન કરી શકાય.હરિના ચરણમાં જો મનને સંતોષ પ્રાપ્ત થાય ત્યારે સર્વ જગ આપણું છે એમ કહી શકીએ.

બીજે કશેજ નહિ પણ એક કેશવની કૃપાથી સર્વ પ્રકારની બુદ્ધિ વૈભવ પ્રાપ્ત થાય છે.તે વૈભવ દ્વારા મનને પરમાનંદ રૂપ પરમેશ્વર સાથેનો એકાકાર જ.તે જોતા શ્રી એટલે રિધ્ધી, સર્વ પ્રકારની શક્તિ દગોચર (દ્રષ્ટિમાન) થાય,તેમાં સિધ્ધી ને વિધી એટલે દ્રવ્ય ,ધન આ બધું ભક્તના માટે વ્યર્થ છે, ઉપદ્રરૂપ (કંકાસ)રૂપ છે.

શ્રી જ્ઞાનદેવ કહે છે,'' હે ભક્તો મારા મનમાં ફક્ત હરિચિંતન જ હર પળે પળે ચાલે છે,મારૂ મન તેથી હાલ પૂર્ણ રૂપે આત્મ સંતોષી છે , મારૂ ચિત્ત હરિ હરિસ્મરણમાં જ મગ્ન રહે છે.''

માટે મનને અત્રતત્ર ન ભટકવા દઈ ફક્ત હરિશરણમાં રાખો.

અનુવાદ :જયશ્રી પટેલ ૨૬/૫/૨૦૨૦

---

-રસપાન (૧૪)-

॥ चौदा ॥

नित्य सत्य मित हरिपाठ ज्यासी । कळीकाळ त्यासी न पाहे द्दष्टी ॥१॥

रामकृष्ण उच्चार अनंतराशी तप । पापाचे कळप पळती पुढें ॥२॥

हरि हरि हरि मंत्र हा शिवाचा । 6हणती जे वाचा तयां मोक्ष ॥३॥

ज्ञानदेवा पाठ नारायण नाम । पाविजे उ8ाम निजस्थान ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૧૪

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને આશ્વાસન આપતા કહે છે કે,'' હે ભક્ત,જો હરિપાઠના આ સત્યથી(ખરા હૃદયથી) સ્મરણ કરશે તો ,અને સાથે મૃદુ વિચારણા કરશે સાથે સાથે એવું આચરણ કરશે તો તેની પાસે કળિકાળને (સંકટ/ વિપત્તિકાળ) પણ પહોંચવાની હિમ્મત નહિ થાય.'' એનો અર્થ એવો કે તેના સર્વ પાપ હરિનામના ઉચ્ચારથી જ નાશી જશે.અને પાપ નાશ પામ્યા પછી તેને પણ નહિ જઈ શકે !

ઉદાહરણ રૂપે કહે છે કે,''શિવ પણ હરિ !હરિ ! આ મંત્ર નિયમિત પણે બોલે છે.માટે જે જે આ મંત્ર બોલે છે તેને ભવસાગરમાંથી મોક્ષ નક્કી મળે જ છે.

શ્રીજ્ઞાનદેવ કહે છે,'' હે ભક્ત ,જે નારાયણ ! નારાયણ ! આ નામ નિત્ય જે પાઠ્ય કરે તેને હંમેશ માટે જ કૈવલ્યપદ (મોક્ષપદ/ મુક્તિપદ) પ્રાપ્ત થશે જ.

શ્રી જ્ઞાનદેવ આ અભંગમાં હરિનામનો મહિમા ગાય છે અને હરિપાઠના અભંગનો પાઠ કરવાથી સર્વ પાપ નાશ થાય છે એવું આશ્વાસન આપે છે''

અનુવાદ :જયશ્રી પટેલ ૨૭/૫/૨૦૨૦

---

રસપાન (૧૫)

॥ पंधरा ॥

एक नाम हरि द्वैतनाम दुरी । अद्वैत कुसरी विरळा जाणें ॥१॥

समबुद्धि घेतां समान श्रीहरि । शमदमांवरी हरि झाला ॥२॥

सर्वांघटीं राम देहांदेहीं एक । सूर्य प्रकाशक सहस्त्ररश्मी ॥३॥

ज्ञानदेवा चि8ीं हरिपाठ नेमा । मागिलिया जन्मा मुक्त झालों ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૧૫

શ્રી જ્ઞાનદેવ આ અભંગમાં પોતાના ભક્તોને કહે છે કે,'' હે ભક્ત, જેને અદ્વૈત્યાની(એકત્વની) અનુભૂતિ થાય એવા મનુષ્ય ખૂબ જ દુર્લભ હોય છે. તે અનુભૂતિ હરિના નામ સ્મરણમાંથી જ આવે છે. નામ સ્મરણ કરતાં કરતાં

દ્વેતભાવ(પ્રભુ તરફની નાસ્તિકતાનો ભાવ) માર્ગમાં સહેજ પણ રહેતો નથી. ''

''સર્વ પ્રાણીમાત્રની સમ(સરખી/સમાન) બુદ્ધિથી વર્તનારાઓ પાસે શ્રી હરિ દર્શન આપે છે.સર્વત્ર એકેય ભાવના ઉત્પન્ન થયા પછી શમ (મનનાં નિગ્રહ)ની દમ(તાકાત)ની આ સાધનોની કાર્યતા બચતી નથી. વિકાર ઉત્પન્ન થવાના કારણ હું આપણે અને બીજા લોકો આ ભેદભાવ છે.પરંતુ જ્યારે સર્વત્ર સમભાવનાના દર્શન અને તેથી હરિના રૂપનાં પ્રત્યક્ષ અનુભવ આવવા લાગે છે!

''સર્વ પદાર્થ(ચીજ વસ્તુ) ,સર્વ પ્રાણીમાત્રના શરીરમાં (દેહમાં) તે રામસ્વરૂપ ભગવાન જ છે.એ અનુભવ પ્રાપ્ત થવા લાગે છે ! સહસ્ત્ર કિરણ ધરાવનાર

સૂર્ય જેમ જગતમાં પ્રકાશ ફેલાવે છે તેમ આત્મરૂપી હરિ જ સર્વત્ર બિરાજમાન છે.એવું તાદ્રશ્ય થવા લાગે છે.તેથી કામ, ક્રોધ,, મદ(ઉન્મતપણું) ,દ્વેષ જેવા વિકાર મનમાં ઉત્પન્ન થતા નથી ! તેથી મનનું ધાર્યું કરનારાના પ્રયત્ન ,પ્રયોજન બચતા નથી.

શ્રી જ્ઞાનદેવ કહે છે,'' શ્રી હરિ નામના નિત્ય પરિપાઠ કરવા, આજ માર્ગોને કારણે હું પણ જન્મ પૂર્વજન્મના ફેરામાંથી મુક્ત થયો ! અર્થાત આજ માર્ગે જવાથી હે ભક્તો તમે પણ મુક્ત થશો.

અનુવાદ :જયશ્રી પટેલ ૨૮/ ૫/૨૦૨૦

---

રસપાન(૧૬)

॥ सोळा ॥

हरिनाम जपे तो नर दुर्लभ । वाचेसी सुलभ रामकृष्ण ॥१॥

राम कृष्ण नामीं उन्मनी साधली । तयासी लाधली सकळ सिद्धी ॥२॥

सिद्धि बुद्धि धर्म हरिपाठीं आले । प्रपंची निवाले साधुसंगे ॥३॥

ज्ञानदेवा नाम रामकृष्ण ठसा । येणें दशदिशा आत्माराम ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૧૬

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને કહે છે કે,''હે ભક્ત, જેના મુખે નિત્ય હરિનામના જાપ ચાલે છે,તેવા માનવી ખરેખરદુર્લભ હોય છે,હજારો માણસો સંસારમાં પ્રખ્યાત થયા છે.દુઃખી થયા છે,તેવાજ હજારો માણસ ક્ષુદ્ર અને ક્ષણ-માત્ર સુખનેજ ખરૂ સુખ માને છે.અને તેમાં જ મગ્ન રહે છે. કોઈક દેવનું નામ ક્યારેક લે છે સહજસાજ શ્રી રામ અથવા શ્રી કૃષ્ણ! એવું નામ જીભપર રમતું હોય,

તેને તે નામનો છંદ (આદત) લાગેલી હોય છે.આવા માનવી વિરલ અદભૂત હોય છે.''

તેઓ એમ પણ કહે છે કે,'' હે ભક્ત ,'' રામ કૃષ્ણના નામ સ્મરણમાં મનનો સંકલ્પ ,વિકલ્પ,પદાર્થ જ્ઞાન( સાધનનું જ્ઞાન),ભાવના,ચિંતા,ઉદ્વેગ,ઉન્માદની ભાવના,વિકાર ચંચળતા આ સઘળા દુર્ગુણ જઈને મનની પણ ઉપર અવસ્થા આવે છે.તેજ વિરક્ત અવસ્થા પ્રાપ્ત કરે છે.આ ભાવના જેને આવે છે તે ભક્ત સર્વ સિધ્ધિને સ્થાને પહોંચે છે.''

તેઓ માને છે કે ,'' હરિપાઠના અભંગ નિત્ય બોલે છે અને તેની પર ચિંતન કરે છે અને પ્રપંચાત રહીને જે સાધુના સંગમાં રહે છે તે ભક્ત સિધ્ધ યુક્ત હોય છે.

તે જ ખરો બુદ્ધિમાન હોય છે , તેને ખરો ધાર્મિક કહેવો જોઈએ અને તે જ ખરેખર શાંતચિત્તનો ભક્ત હોય છે.

અભંગની અંતે શ્રી જ્ઞાનદેવ ભક્તને સમજાવે છે કે,'' હે ભક્ત, જેના મનમાં રામ-કૃષ્ણ આ નામની છાપ હૃદયમાં પડેલી છે,તેની તો દશે દિશામાં આત્મારામ દ્રશ્યમાન થાય છે.એક જ આત્મતત્વ સર્વત્ર છાયેલું છે એવો અનુભવ તેને થાય છે.''

અનુવાદ :જયશ્રી પટેલ ૨૯/૫/૨૦૨૦

### ઉના તાલુકાના ખજુદ્રા ગામ ની અંદર

## લોકડાઉનનુ સુસ્તપણે પાલન કરીને મનરેગા યોજના સરુ કરવામા આવી



હાલ અત્યારે લોક ડાઉન શરૂ છે ત્યારે અનેક લોકો બેરોજ ગાર છે લોકો ના નાના મોટા રોજગાર ધંધા બંધ થય ગયા છે. તેમજ લોકો ને અનેક પ્રકાર ની જીવન જરૂરિયાત માટે મુશ્કેલીઓ સર્જાય રહી છે. ત્યારે ઉના તાલુકાના દરિયા કિનારા ના પસાત વિસ્તાર ના ખજૂદ્રા ગામ ની અંદર મનરેગા યોજના સરુ કરવા મા આવી છે. ત્યારે આસરે ૮૦૦ જેટલા ગામ ના લોકો મનરેગા યોજના હેઠળ લાભ લય રહ્યા છે. ખજુદ્રા ગામ ના સરપંચ શ્રી સોલંકી ભાણજી ભાઈ મનરેગા કાર્યક્રમ અધિકારી ચૌહાણ લલિત ભાઈ અને સોશ્યલ એક્ટિવિસ્ત ચૌહાણ જેન્તી કુમાર ની આગેવાની હેઠળ લોક ડાઉન નુ સુસ્ત પણે પાલન કરી ને ખજુદ્રા ગામ ના તમામ લોકો ને રોજી રોટી પૂરી મળી રહે એવા પ્રયાસો હાથ ધરવામા આવ્યા છે. અને ગુજરાત સરકાર ના પરિપત્ર મુજબ લોકો ને ૧૦૦ (સો) દિવસ પૂરી રોજગારી મળી રહે અને વહેલી તકે મજૂર લોકો ના બેંક એકાઉન્ટ મા પેસા જમા થાય એવી આશા ગામ લોકો રાખી રહ્યા છે. ખજૂદ્રા ગામ ની અંદર ગામ ના ખેડૂત લોકો ને લાભ થાય એ માટે ઊંડાણ પૂર્વક કેનાલ તળાવ નુ ખોદ કામ કરી ને મનરેગા યોજના દ્વારા લોકો કામ કરી રહ્યા છે. સાથેજ દેલવાડા આરોગ્ય વિભાગ ના સ્ટાફ દ્વારા તમામ લોકો ને સેનીટેશન કરી ને કોરોના વાયરસ ટેસ્ટ કર્યુ હતુ. તેમજ લોકો ને નાની મોટી બીમારી માટે આરોગ્ય વિભાગ દ્વારા મેડિકલ દવા નુ વિતરણ કરાયું હતુ. લોકો ને પીવા માટે નુ પાણી જેવી વગેરે પ્રકાર ની જરૂરિયાત વસ્તુ સ્થળ પર ઉપલબ્ધ કરવા માં આવ્યું હતુ.

તસ્વીર.

કેમેરા મેન.

ચૌહાણ જેન્તી કુમાર ઉના

## અરવલ્લીના સંજયની સંજયદ્રષ્ટીથી ચાર વર્ષના ભૂલકાનો જીવ બચ્યો



મોટી ઈસરોલ, તા.૨૯

હાલમાં સમગ્ર વિશ્વમાં કોરોનાની મહામારીથી બચવાનો એકમાત્ર ઉપાય સોશિયલ ડિસ્ટન્સિંગ છે અને આની સમજ જયારે લોકોમાં હોય તો જ કોરોના પોતાના ગામમાં કે ઘરમાં પ્રવેશી શકશે નહીં. આવી સીધી સાધી સરળ ભાષામાં ગામલોકોને સમજવાનું કામ કરે છે અરવલ્લીન હેલ્થ વર્કર સંજયભાઇ બારોટ કરે છે.

અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝિટીવ કેસ ભિલોડાના ગ્રામ્યમાં આવતા ગામલોકોમાં ડરનો માહોલ ઉભો ન થાય તે માટે આરોગ્ય વિભાગની આઇ.ઇ.સી શાખા અંતર્ગત લોકજાગૃતિનું કામ કરાતું હોય છે. આવા જ આઇઇસી કાર્યકર સંજયભાઇ બારોટ ભિલોડાના શાકભાજી ફેરીયાઓને હેલ્થ સ્ક્રિનિંગની સાથે સોશિયલ ડિસ્ટનસિંગની સમજ આપે છે.

આ અંગે વાત કરતા સંજયભાઇ બારોટ કહે છે કે કોરોનાથી બચવા તેની જાણકારી હોવી જરૂરી છે. તેથી અમે લોકોને ઇર્ફોમેશન- એજયુકેશન- કોમ્યુનિકેશન (IEC) કરવાનું કામ કરીએ છીએ. આમ તો મારી કામગીરી કિશનગઢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આવતા વાંસળી સબ સેન્ટરમાં છે, પરંતુ ભિલોડા તાલુકામાં કોરોનાનો વ્યાપ વધતા તાલુકા હેલ્થ સેન્ટરમાં ફરજ સોંપાઇ છે. જેમ અમદાવાદમાં શાકભાજી વાળા સુપર સ્પ્રેડર સાબિત થયા તો અમે સૌથી પહેલા ભિલોડા બજાર વિસ્તારમાં શાકભાજીના વિક્રેતાઓનું થર્મલ ગનથી હેલ્થ સ્ક્રિનિંગ કર્યુ હતું. તેની સાથે આ લોકોને ફરજીયાત માસ્ક અને હેન્ડ ગ્લોવોઝ ધારણ કરવા સાથે સોશિયલ ડિસ્ટન્સિંગનુ ચુસ્ત પાલન થાય તે માટે સમજ આપી હતી.

## સાર્ક દેશોની વાણિજ્ય અને ઉદ્યોગ સમિતિમાં ભારતમાંથી ત્રણ ગુજરાતીઓની પસંદગી કરાઈ



સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોર્મસ એન્ડ ઇન્ડસ્ટ્રી (SACCI) માં માર્ગદર્શક મંડળમાં વડોદરાના સાંસદ રંજનબેન ભટ્ટ અને ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાની નિમણૂક થઈ છે. ગુજરાતમાંથી રંજનબેન ભટ્ટ અને શૈલેપ મહેતા ઉપરાંત નામાંકીત ઉદ્યોગપતિ ચંદુભાઇ પટેલની પણ પસંદગી થઈ છે.

સાર્ક દેશોમાં ભારત, નેપાળ, ભૂટાન, બાંગ્લાદેશ, શ્રીલંક્પ્ અફઘાનિસ્તાન , પાકિસ્તાન. માલદીવનો સમાવેશ થાય છે. સાઉથ એશિયન ચેમ્બર ઓફ કોર્મસ એન્ડ ઇન્ડસ્ટ્રી (SACCI) માં નાના-મોટા ઉદ્યોગોને લઈ ભારત સરકારની નીતિઓપ ઉધોગોનો વિકાસ એજ્યુકેશન અને પ્રમોશન વગેરે જેવી મહત્ત્વની બાબતો પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે. સમગ્ર ગુજરાતમાંથી વડોદરામાંયી ફક્ત સાંસદ રંજનબેન ભટ્ટ અને ધારાસભ્ય શૈલેષ મહેતાની પસંદગી કરવામાં આવી છે. જે સમાચાર સાંભળતાની સાથે જ ગુજરાત ના ભાજ્પી કાર્યકરતાઓ સહીત ઉદ્યોગપતિઓ માં ખુશીનો માહોલ છવાયો હતો. અત્રે માર્ગદર્શક મંડળમાં સમાવેશ થતા ગુજરાતના સચિવ શ્રી દિવ્ય ત્રિવેદી એ સાંસદ શ્રી રંજનબેન ભટ્ટ , ધારાસભ્ય શ્રી શૈલેષ શુક્લ અને નામાંકિત ઉદ્યોગપતિ શ્રી ચંદુભાઈ પટેલ ને રાજ્ય ના હોદ્દેદારો વતી શુભકામનાઓ પાઠવી છે.ઉલ્લેખનીય છે કે SACCI ના ગુજરાતના સચિવ તરીકે દિવ્ય ત્રિવેદી જવાબદારી અદા કરી રહ્યા છે.

શ્રી દિવ્ય ત્રિવેદીએ વધુમાં જણાવ્યું છે કે આગામી દિવસોમાં સાર્ક દેશોની સાથે સાથે ભારત સરકાર ના લઘુ , સૂક્ષ્મ અને માધ્યમ મંત્રાલયની સાથે રહીને ઉદ્યોગ જગત ના પ્રશ્નોને વાચા આપીને પ્રશ્ન નો નિકાલ કરવામાં અગ્રેસર રહેશે. શ્રી દિવ્યે જણાવ્યું હતું કે SACCI ગુજરાત સહીત ભારત ના તમામ ઉદ્યોગ જગતનો અવાજ બનશે અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી માં ૫ મિલિયન ઈકોનોમી ના સપનાને સાર્થક કરવા માટે જહેમત ઉઠાવશે.

## પાટડી તાલુકાના ઝેઝરા ગામે વધુ એક કોરોના રીપોર્ટ પોઝિટીવ

ઝેઝરા ગામની સગર્ભા મહિલાનો રીપોર્ટ કોરોના પોઝિટીવ આવ્યો પાટડી તાલુકામા બે દિવસ પહેલા અખીયાણા ગામના યુવકનો રીપોર્ટ પણ પોઝિટીવ આવ્યો હતો

સગર્ભા મહિલાની રીપોર્ટ પોઝિટીવ આવતા પાટડી પંથકમાં બે કોરોના પોઝિટીવ કેસ નોંધાયા હાલ મહિલાને સારવાર અર્થે હોસ્પીટલ ખાતે ખસેડાયાનુ જાણવા મળ્યું છે.પાટડી તાલુકા આરોગ્ય તંત્રે મહિલાની હિસ્ટ્રી તપાસી અન્ય લોકોને ક્વોરન્ટાઈન કરવાની તજવીજ હાથ ધરી સુરેન્દ્રનગર જિલ્લામાં કોરોના વાયરસના દર્દી નો આંક ૩૨ ઉપર પહોંચ્યો સુરેન્દ્રનગર કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ અન્ય સગર્ભા મહિલાએ સ્વસ્થ બાળક ને જન્મ આપ્યો. સિવિલ હોસ્પિટલ ના ડો. જયદીપ પટેલ તેમજ તેમના ટિમ લીડર ડો. વસેટીયન સાહેબ અને તેમની ટિમ ના સ્ટાફે સરાહના ભર્યું કામ કરેલ

રિપોર્ટર દપકસિંહ વાઘેલા

સુરેન્દ્રનગર

### અરવલ્લીમાંથી વધુ ૯ લોકો કોરોનામુક્ત બન્યા

# અરવલ્લી જિલ્લાના ૧૧૧ કોરોના પોઝિટીવ પૈકી ૯૭ સ્વસ્થ થયા : ૧૧ સારવાર હેઠળ

અરવલ્લી જિલ્લામાં બે દિવસ દરમિયાન ૨૦ લોકો કોરોનાને મ્હાત આપી ઘરે પરત ફરતા જિલ્લામાં નોંધાયેલા ૧૧૧ કોરોના પોઝિટીવ પૈકી ૯૭ સ્વસ્થય થયા છે. જયારે ૧૧ લોકો કોરોનાની હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યા છે.



આ અંગે વિગત આપતા જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી જણાવ્યું હતું કે, જિલ્લામાં ગુરૂવારના રોજ મોડાસા શહેરી વિસ્તારના ૩૪ વર્ષિય યુવાનનો કોરોનાનો રીપોર્ટ પોઝિટીવ આવતા જિલ્લામાં અત્યાર સુધી મોડાસા શહેરના કોરોનાના ૩૨ કેસ નોંધાયા છે જયારે બાયડના ૧૪, ભિલોડાના ૧૭, મેઘરજના ૧૧, ધનસુરાના ૧૮ અને મોડાસાના ૧૯ મળી કુલ ૧૧૧ લોકો કોરોનાથી સંક્રમિત થયા હતા. જોકે સમયસરની સારવારથી ૯૭ લોકોની સારવાર પૂર્ણ થતા તેમને ઘરે પરત મોકલવામાં આવ્યા છે. જેમાં બુધવારના રોજ મેઘરજના એક, ભીલોડાના ૪ તેમજ વાત્રક કોવિડ હોસ્પિટલમાંથી બાયડના ૪ અને ધનસુરા તાલુકાના બે મળી ૧૧ તેમજ ગુરૂવારના રોજ મોડાસાના ૩, બાયડના બે અન. ધનસુરાના ચાર મળી કુલ ૯ કોરોના પોઝીટીવ દર્દી કોરોના મુક્ત બનતા રજા આપવામાં આવી છે.

જિલ્લામાં હાલ વાત્રક કોવિડ હોસ્પિટલમાં ૩, તેમજ મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ૭ પોઝીટીવ દર્દીને સારવાર હેઠળ તેમજ હીમતનગર સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવા માં આવેલ એક દર્દી સહિત કુલ ૧૧ લોકો કોરાનાની સારવાર લઇ રહ્યા છે. જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણ અટકાવવા પૂરતી તકેદારીના ભાગરૂપે ૧૬૨૬ લોકોન હોમ કોરોન્ટાઇન કરાયા છે.

### કોરોના દર્દીના કોન્ટેક્ટ ટ્રેસિંગમાં દાહોદ જિલ્લો સમગ્ર રાજ્યમાં અવ્વલ

# દાહોદ જિલ્લા આરોગ્ય અને પોલીસ તંત્ર દ્વારા અત્યાર સુધી પ્રત્યેક કોરોના દર્દી દીઠ સરેરાશ ૧૨૧ વ્યક્તિના કોન્ટેક્ટ

અભેસિંહ રાવલ દાહોદ

કોરોના વાયરસથી સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવેલા વ્યક્તિની શોધી કાઢવામાં, એટલે કે કોન્ટેક્ટ ટ્રેસિંગમાં દાહોદ જિલ્લો સમગ્ર રાજ્યમાં અગ્રેસર રહ્યો છે. દાહોદ જિલ્લા આરોગ્ય અને પોલીસ તંત્ર દ્વારા અત્યાર સુધી પ્રત્યેક કોરોના દર્દી દીઠ સરેરાશ ૧૨૧ વ્યક્તિના કોન્ટેક્ટ ટ્રેસિંગ કરવામાં આવ્યા છે. જે રાજ્યમાં સૌથી વધુ છે.



કોરોના વાયરસના ચેપને વ્યક્તિથી વ્યક્તિ ફેલાવતો અટકાવવા માટે કોન્ટેક્ટ ટ્રેસિંગ સૌથી અગત્યનું પાસુ છે. કોઇ વ્યક્તિ કોરોના કેરિયરમાંથી સુપર સ્પ્રેડર બને તે પૂર્વે જ તેને શોધી, તેના સંપર્ક શોધવાનું કામ કપરૂ છતાં મહત્વનું છે. પણ, તે કામ દાહોદમાં સારી રીતે કરવામાં આવ્યું છે.

દાહોદની જ વાત કરીએ તો અહીં પ્રથમ કેસ ઇન્દોરથી દાહોદ આવેલી મુસ્કાન નામની બાળકીના નામે નોંધાયો હતો. આ બાળકીમાં કોરોનાના કોઇ જ લક્ષણો નહોતા. પરંતુ, હોટસ્પોટ વિસ્તારમાંથી આવી હોવાથી તેના પરિવારજનો સાથે તેનો પણ રિપોર્ટ કરાવાયો તો તેમાં તે કોરોના પોઝેટિવ જણાઇ. તુરંત, તેના કોન્ટેક્ટ ટ્રેસિંગનું કામ શરૂ થયું.

દાહોદના આરોગ્ય તંત્ર અને પોલીસ માટે આ બાબત પ્રથમ વખત હતી. આમ છતાં, તેના પ્રત્યક્ષ અને પરોક્ષ સંપર્કમાં આવેલા ૬૨ વ્યક્તિને ટ્રેસ કરાયા. તેમાં જ દાહોદનો બીજો કેસ સામે આવ્યો. તે હતા એક આરોગ્ય કર્મચારી શબુરભાઇ પણદા. આ કેસમાં ૮૬ વ્યક્તિના ટ્રેસિંગ કરવામાં આવ્યા હતા.

કલેક્ટર શ્રી વિજય ખરાડી કહે છે, દાહોદમાં અત્યાર સુધીમાં નોંધાયેલા ૩૪ કેસમાં પ્રતિ દર્દી દીઠ સરેરાશ ૧૨૧ કોન્ટેક્ટ ટ્રેસિંગ કરવામાં આવ્યા, તે રાજ્યમાં સૌથી વધુ છે. દાહોદ જિલ્લામાં કોરોના વાયરસના ૩૬ કેસોમાં અત્યાર સુધીમાં ૪૬૨૨ વ્યક્તિના કોન્ટેક્ટ ટ્રેસિંગ કરવામાં આવ્યા છે. જે પૈકી સીધા સંપર્કમાં આવનારા કોન્ટેક્ટને ક્વોરોન્ટાઇન કરી દેવામાં આવ્યા હતા. ચાર કેસ એવા છે કે જે દર્દી પાસે દાહોદના સરનામાવાળું આધાર કાર્ડ હોવાથી ડેશબોર્ડ ઉપર દાહોદના ગણવામાં આવ્યા છે. બાકી આ ચાર દર્દીઓ અન્ય જિલ્લામાં વર્ષોથી વસવાટ કરે છે. જો એ બાબત ધ્યાને લઇ ૩૪ કેસની સાપેક્ષે ગણવામાં આવે તો પ્રતિ દર્દી દીઠ ૧૩૫ કોન્ટેક્ટ ટ્રેસિંગ થયા છે. તેમ કલેક્ટરશ્રીએ ઉમેર્યું.

રસપ્રદ બાબત એ છે કે દાહોદમાં સૌથી વધુ કોન્ટેક્ટ ટ્રેસિંગ પ્રિતભાઇ નામના દર્દીના કેસમાં થયા છે. તેના સીધા કે આડકતરી રીતે સંપર્કમાં આવેલી ૨૭૦ વ્યક્તિને ક્વોરોન્ટાઇન કરવામાં આવી હતી. સૌથી ઓછા લલીતાબેન નામના દર્દીમાં ૨૦ કોન્ટેક્ટ ઓળખવામાં આવ્યા હતા. જો કે, તેની અવરજવર બહુ હતી જ નહીં. આ દર્દી સાજા થઇ ગયા છે. હવે એવી જ રીતે દાહોદમાં ફ્રૂટ વેચતા શાહરૂખ નામના એક વ્યક્તિનો રિપોર્ટ પોઝેટિવ આવ્યા બાદ તેના સંપર્કમાં આવેલા ૧૯૭ કોન્ટેક્ટને ટ્રેસ કરવામાં આવ્યા. મુંબઇથી આવેલા નિયાઝુદ્દીન નામના દર્દીના સંપર્કમાં આવેલી ૨૧૮ વ્યક્તિને ટ્રેસ કરવામાં આવી હતી. આ બન્ને દર્દીઓના કોન્ટેક્ટ ટ્રેસ કરવાનું કામ સૌથી કપરૂ રહ્યું હતું. દાહોદ ટાઉન પોલીસે કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે બે મોરચો સંભાળ્યો છે. નગરમાં લોકડાઉનનો અમલ, કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સાથે કોન્ટેક્ટ ટ્રેસિંગની કામગીરી પણ સારી રીતે કરી છે. કારણ કે, દાહોદમાંથી જ સૌથી વધુ કોરોનાના કેસ નોંધાયા છે. કેટલાક કિસ્સામાં દર્દી દ્વારા પોતાના પ્રવાસની વિગતો છૂપાવવાનું પણ સામે આવતા તેની સામે ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે. કેટલાક દર્દીઓ માટે છેલ્લા દિવસોમાં કોને મળ્યા તે યાદ કરવું કપરૂ થઇ પડ્યું હતું. આમ છતાં, તંત્ર દ્વારા કોના કોના સંપર્કમાં આવ્યા તેની વિગતો મેળવી હતી. તો ઘણી વખત બીજા કોઇ વ્યક્તિએ માહિતી આપી તંત્રને મદદ કરી હતી. દાહોદ માટે એક વાત એ પણ નોંધનીય છે કે અત્યાર સુધીના તમામ કેસ એસિમ્પ્ટોમેટિક છે.

### મોડાસાની કાર્તિકેય સોસાયટીમાં વૃદ્ધ મહિલા કોરોનમાં સપડાયા

# માલપુર રોડ પર ફફડાટ તંત્રે ડીપી રોડને કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કર્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણ દિવસે ને દિવસે વધી રહ્યું છે આરોગ્ય તંત્રએ કોરોનાના ટેસ્ટ કરવાનું ઓછું કરી દીધું હોવાના આક્ષેપ વચ્ચે મોડાસા શહેરમાં લોકલ સંક્રમણના કેસોમાં નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે મોડાસા શહેરની માલપુર રોડ પરની કાર્તિકેય સોસાયટીમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધ મહિલા કોરોનામાં સપડાતા મોડાસા શહેરનો જ આંક ૩૨ પર પહોંચ્યો છે મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા સોસાયટી વિસ્તારમાં કોરોના પ્રસરતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે જીલ્લામાં ૧૧૨ લોકો અત્યાર સુધી કોરોનાગ્રસ્ત બન્યા છે તંત્રે માલપુર રોડ થી મેઘરજ રોડ સુધીના માર્ગ પર કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરી સર્વેની કામગીરી હાથધરી હતી ૭૦ વર્ષીય વૃદ્ધ મહિલા ઘરની બહાર નીકળ્યા ન હોવા છતાં કોરોનાનો ભોગ બનતા લોકલ સંક્રમણનો ભય ફેલાયો છે

અરવલ્લી જિલ્લામાં કોરોનાએ અજગરી ભરડો લીધો હોય તેમ જિલ્લામાં કોરોનાના પોઝેટીવ દર્દીઓનો આંક દિવસેને દિવસે વધતો જાય છે. શુક્રવારના રોજ મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી કાર્તિકેય સોસાયટીના ૭૦ વર્ષીય વૃદ્ધ મહિલા કોરોના પોઝેટીવ આવતાં તંત્રમાં દોડધામ મચી છે. મહિલાને સારવાર અર્થે હિંમતનગર કોવીડ હોસ્પિટલમાં ખસેડાયા હતા અરવલ્લીમાં બધું એક કેસ કોરોના પોઝીટીવ આવતાં જિલ્લાનો આંક ૧૧૨ પર પહોંચ્યો હતો. એક તરફ સરકાર લોકડાઉન-૪માં રાહત આપી છે અને બીજી બાજુ કેસોમાં વધારો થતો જાય છે ત્યારે સરકાર માટે પણ હવે આકરી કસોટી છે. હાલ તો અરવલ્લીના આરોગ્યતંત્રમાં દોડધામ મચી છે. બીજી બાજુ વહીવટી તંત્ર દ્વારા મોડાસાની કાર્તિકેય સોસાયટી વિસ્તારને કન્ટેઈમેન્ટ એરીયા તરીકે જાહેર કરી દીધો છે

### લોકડાઉનમાં તબીબની માનવતા મહેકી

# મોડાસામાં ગરીબ મહિલાની છાતી માંથી ૫ કિલો ગાંઠ કાઢી મહિલાનો જીવ બચાવ્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

હાલ કોરોનાની વૈશ્વિક મહામારીમાં દેશમાં કોરોના સંક્રમિત થતો અટકાવવા ૨૫ માર્ચથી લોકડાઉન ચાલી રહ્યું છે કોરોના થી અનેક તબીબો અને આરોગ્યલક્ષી કર્મીઓ પણ દર્દીઓની સારવાર કરતા કોરાનાની ઝપટે ચઢી ગયા છે ત્યારે મોડાસા શહેરમાં રહેતી ગરીબ પરિવારની મહિલાને છાતીના ભાગે ૫ કિલોની ગાંઠ થતા દર્દથી કણસતી હોવાથી મોડાસાના તબીબો પાસે સારવાર લેવા જતા તબીબોએ અમદાવાદ કેન્સર હોસ્પિટલમાં સારવાર કરાવવાનું જણાવ્યું હતું કોરોનાના માહોલમાં અને ગરીબ પરિવાર પાસે રૂપિયાની સગવડ ન હોવાથી મોડાસા બસસ્ટેન્ડ વિસ્તારમાં આવેલ સર્જન ડૉ.કેતન સુથાર પાસે સારવાર કરાવવા જતા હાલ કોવીડ-૧૯ ની કપરી સ્થિતિમાં પણ ગરીબ મહિલાનું રાહત દરે તાત્કાલિક ઓપરેશન કરી છાતીના ભાગે થયેલ ૫ કિલોની ગાંઠ કાઢી નાખી મહિલાને દર્દમાંથી મુક્તિ આપી નવજીવન બક્ષતા ગરીબ પરિવારમાં આનંદ છવાયો હતો

### બનાસકાંઠાના ધાનેરામાં

# વ્યાજખોરોના ત્રાસના લીધે વેપારીઓએ સ્વયંભૂ બંધ રાખી વ્યાજખોરોનો ઝડપવા રજુઆત



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠાના ધાનેરામાં વ્યાજખોરો ના ત્રાસ ના લીધે શહેરના વેપારીઓએ સમગ્ર શહેર સ્વયંમ ભુ બંધ રાખીને વ્યાજખોરો સામે પગલાં ભરવા રજૂઆતો કરી હતી તે ઉપરાંત વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા પણ વ્યાજખોરોને ઝડપી પાડવા ઉગ્ર રજુઆતો કરવામાં આવતા સુલેહ શાંતિનો ભંગ ના થાય તે માટે પોલીસ કાફલો ધાનેરા શહેરમાં ખડકી દેવામાં આવ્યા હતા.. પરિસ્થિતી વધુ તંગ ના બને તે માટે પોલીસે તાત્કાલિક પાંચ વ્યાજખોરો ની અટકાયત કરીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તે ઉપરાંત આ વ્યાજખોરો સામે અન્ય બે ફરિયાદો પણ નોંધવાની તજવીજ હાથ ધરી છે .તસ્વીર માં માસ્ક લગાવીને ઉભેલ હવે આ વ્યાજખોરો છે જેમના ત્રાસના લીધે સમગ્ર ધાનેરા શહેર સ્વયંમ ભુ બંધ રહ્યું હતું ધાનેરા શહેરમાં ફિજા સિલેક્શન નામની દુકાન ધરાવતા વ્યાજખોરો દ્વારા કરાધાણીના કીર્તિ પટેલ નામના વ્યક્તિને સાત મહિનાના માટે ૩૦ ટકાના વ્યાજે ૫૦૦૦૦ આપવામાં આવ્યા હતા અને કીર્તિ પટેલ નામના વ્યક્તિએ lockdown દરમિયાન પૈસા પરત ના આપતા વ્યાજખોરોએ કીર્તિ પટેલને ગેરકાયદેસર અટકાયત કરીને ફીજા સિલેક્શન નામની દુકાનમાં માર મારવામાં આવ્યો હતો આ સમગ્ર મામલાને લઈને કીર્તિ પટેલ દ્વારા આઠ વ્યાજખોરો સામે ધાનેરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી તો બીજી તરફ આ વ્યાજખોરોએ પણ કીર્તિ પટેલ સામે ફરિયાદ દાખલ કરાવી હતી.. વ્યાજખોરોના ત્રાસ ને લઈને વિવિધ સંગઠનો દ્વારા અને વેપારીઓ દ્વારા પોલીસને રજૂઆત પણ કરવામાં આવી હતી અને તે બાદ આજે ધાનેરા સ્વયંભૂ બંધ રાખવામાં આવ્યું હતું બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા તાત્કાલિક ધાનેરા પહોંચીને પાંચ વ્યાજખોરો ની અટકાયત કરી છે ધાનેરા શહેરના માજી જુમ્મા સાઈ, આબિદ અહમદ સાઈ, જાકીર અહમદ સાઈ, પ્પન સબીર મોગલ અને ભમરા પોપટ ઠાકોરની અટકાયત કરીને પોલીસે વધુ પુછતાછ હાથ ધરી છે તે ઉપરાંત જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું કે વ્યાજખોરોનો ભોગ અન્ય કોઈપણ વ્યક્તિ બન્યા હોય તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરે ધાનેરામાં પરિસ્થિતિ વધુ તંગ ના બને તે માટે સમગ્ર શહેરમાં પોલીસનો કાફલો ખડકી દેવામાં આવ્યો છે ત્યારે જિલ્લા પોલીસ વડા સહિત પોલીસની વિવિધ ટીમો ધાનેરા દોડી આવી છે

# મેઘરજ ચણાના ટેકાના ભાવે ખરીદકેન્દ્ર પર વેપારી ખેડૂતોના ઉતારા લઈ ચણા વેચવા પહોંચતા હોબાળો

અરવલ્લી બ્યુરો મોડાસા

રાજ્ય સરકારે ખેડૂતોને તેમની ખેત પેદાશના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ઘઉં, ચણાની ટેકાના ભાવે ખરીદી શરુ કરી છે કેટલાક લેભાગુ વેપારીઓ ખેડૂતોની મજબુરીનો ફાયદો ઉઠાવી મનફાવે તેટલો ખેતપેદાશનો ભાવ આપી લૂંટી રહ્યા છે ખેડૂતો પાસેથી ઉતારા મંગાવી કેટલાક વેપારીઓ ટેકાના ભાવે ખેત પેદાશ વેચી નફો કમાઈ રહ્યા હોવાની બૂમો વારંવાર ઉઠતી રહી છે ત્યારે મેઘરજ ખાતે ટેકાના ભાવે ચણા ખરીદ કેન્દ્ર પર કેટલાક લેભાગુ વેપારીઓ સળી ગયેલા અને હલકીકક્ષાના ચણા ખેડૂતોના નામે વેચવા પહોંચી ખરીદકેન્દ્ર પરના અધિકારી અને કર્મચારીઓને દબાણ કરતા હોબાળો મચ્યો હતો

મેઘરજ ટેકાના ભાવે હાલ એજન્સી મારફતે ચણાની ખરીદી કરી રહી છે ત્યારે કેટલાક લાલચુ વેપારીઓ ખેડૂતો પાસેથી ૭-૧૨ ના ઉતારા મંગાવી લઈ ખેડૂતોના નામે હલકી કક્ષાના અને સડી ગયેલા જીવાત વાળા ચણા લઈ પહોંચ્યા હતા અને ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર ફરજ બજાવતા અધિકારી અને કર્મચારી પર રોફ જમાવી ચણાની ખરીદી કરવા દબાણ કરી ફરજ પાડતાં.

# દાહોદ ગ્રામીણ વિસ્તારના લોકો પીવાના પાણીની ફરીયાદ ટોલ- ફ્રી હેલ્પલાઇન નંબર-૧૯૧૬ ઉપર નોંધવી શકાશે

અભેસિંહ રાવલ

ગુજરાત રાજયના ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યાઓના ઝડપી ઉકેલ માટે ૧૯૧૬ ટોલ ફ્રી નંબર કાર્યરત છે. આ ટોલ ફ્રી નંબર ઉપર પીવાના પાણી અંગેની ફરીયાદો નોંધવાની વ્યવસ્થા ૨૪ કલાક કાર્યરત છે જાહેર જનતાને આથી અપીલ કરવામાં આવે છે કે, ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીને લગત ફરીયાદો જેવી કે, હેન્ડપંપ રીપેરીંગ, મીની પાઇપ યોજનાનું રીપેરીંગ અને વ્યકિતગત કે જુથ પાણી પુરવઠા યોજના ધ્વારા આપવામાં આવતા પાણી અંગેની કોઇપણ ફરીયાદ નોંધાવી શકે છે. જાહેર જનતાને એવી પણ વિનંતી કરવામાં આવે છે કે, ગ્રામ્ય વિસ્તારમાં પાણીની પાઇપલાઇનમાં ભંગાણ કે લીકેજ હોય ,પાણીની ચોરી થતી હોય અથવા કોઇ વિસ્તારમાં પાણીનો ખોટો વેડફાટ થતો હોય તેવા કિસ્સામાં પણ ફરીયાદ નોંધાવી શકે છે.

ગુજરાત પાણી પુરવઠા બોર્ડ ધ્વારા ઓનલાઇન ફરીયાદ નોંધવાની સુવિધા પણ પુરી પાડવામાં આવે છે જેમાં કોઇ પણ વ્યકિત ws.gujarat.gov.in વેબસાઇટ ના new complaint સેકશન મારફતે નવીન ફરીયાદ નોંધાવી શકે છે. જો કોઇ કિસ્સામાં ટોલ ફ્રી નંબર ૧૯૧૬ વ્યસ્ત જણાય તેવા કિસ્સામાં અન્ય નંબર ૧૮૦૦ ૨૩૩ ૩૯૪૪ ઉપર પણ ફરીયાદ નોંધાવી શકાશે.

### ૩ લાખનો જથ્થો સીઝ કરાયો

# ખાંભા ખાતે ખાતરના ગેરકાયદેસર વેચાણ મામલે ખેતીવાડી વિભાગે રેડ પાડી

અમરેલી, તાઃ ૨૯ મે

અમરેલી નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) અમરેલી કચેરીની ટીમ દ્વારા તારીખ ૨૮ના રોજ બાતમીના આધારે રાસાયણિક ખાતરના લાયસન્સ વગર ગામડે ખેડૂતોને સીધા સપ્લાય કરતા ઓર્ગેનિક મેન્યુઅલ ખાતરનો જથ્થો ગુણવત્તા નિયંત્રણની ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો.




આ બાબતે કલેકટરશ્રીએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગઈકાલે ખેતીવાડી વિભાગ દ્વારા ખાંભા ખાતે રાસાયણિક ખાતરના ગેરકાયદેસર વેચાણ મામલે રેડ પાડવામાં આવી. મદદનીશ ખેતી નિયામક(ગુ.ની.), ખેતી અધિકારી ખાંભા, ખેતી અધિકારી અમરેલી અને બે ખેતી મદદનીશ એમ કુલ પાંચ લોકોની ટીમ બનાવી ખાંભા એસટી બસ સ્ટેશનની બાજુમાં કડિયા કુંભારની વાડીના શોપિંગ સેન્ટરમાં આવેલી દુકાનમાં ઓર્ગેનિક મેન્યુઅર નો જથ્થો ટ્રકમાંથી ઉતરતો હતો. બરાબર તે જ સમયે ટીમ દ્વારા રેડ પાડી કુલ ૪૧૦ બેગ - ૫૦ કિ.ગ્રા અંદાજે રૂપિયા ત્રણ લાખનો જથ્થો સીઝ કરી દેવામાં આવ્યો છે. આ જથ્થોમાંથી ગુણવત્તાની ચકાસણી અર્થે નિયમોનુસાર નમુના ખેતી અધિકારી ખાંભા દ્વારા લેવામાં આવ્યા હતા. અને એ નમૂના રાસાયણિક ખાતર ચકાસણી પ્રયોગશાળામાં મોકલી આપવામાં આવ્યા હતા. આ ખાતરના જથ્થાનો નાશ ન કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. તથા જે વાહનમાં ખાતરનો જથ્થો લાવવામાં આવ્યો હતો તે ટ્રક અને પીકઅપ વાહનની અટકાયત કરી તેને ખાંભા પોલીસને સોંપી દેવાયા છે. ખાતરનું વેચાણ કરતાં હાજર રહેલા ૩ વ્યક્તિને ઓર્ગેનિક ખાતરનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો તે બાબતે પૂછપરછ કરતા તેમણે જણાવ્યું હતું કે, તળાજા તાલુકામાં મહાકાળી એગ્રો ઇન્ડસ્ટ્રીઝ નામનું રાસાયણિક ખાતરનું લાયસન્સ ધરાવનાર રાજેન્દ્ર પરમાર દ્વારા આ ખાતરનું વેચાણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. સદર ઓર્ગેનિક મેન્યુઅર રાસાયણિક ખાતર નિયંત્રણ હુકમ ૧૯૮૫ અંતર્ગત આવતું હોવાથી અત્યારે આ ખાતરનું વેચાણ કરતા ત્રણ વ્યક્તિઓ તથા ખાંભા તાલુકામાં રાસાયણિક ખાતરનું લાયસન્સ વગર વેચાણ કરતા તળાજા તાલુકાના મૂળ કેરાળા ગામના રાજેન્દ્ર પરમાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ સમયે કલેકટરશ્રીએ જિલ્લાના દરેક ખેડૂત ભાઈઓને અપીલ કરતા જણાવ્યું હતું કે તેઓ ગેરકાયદેસર રીતે રાસાયણિક ખાતરનું વેચાણ ન કરે અને જ્યારે પણ ખાતરનું વેચાણ કરે ત્યારે પાક્કા બીલનો આગ્રહ અવશ્યપણે રાખે. વધુમાં જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓ સાથે તાત્કાલિક બેઠક યોજી તમામને યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

રિપોર્ટર... ભરતભાઈ ખુમાણ અમરેલી

# પાલનપુર ના છાપી બજારો માં તોલ માપ વિભાગના દરોડા

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

લોકડાઉન ૪ માં સરકાર દ્વારા વેપારીઓને છૂટછાટ આપી છે તેમજ માર્કેટ ખુલતાની સાથે જ પાન ,મસાલા, ગુટખા, બીડી સહિત જીવનજરૂરી ચીજવસ્તુઓની પણ ભારે અછત સર્જાઈ છે જેનો લાભ લઇ કેટલાક વેપારીઓ ગ્રાહકો સાથે છેતરપિંડી આચરતા હોવાની ફરિયાદ બનાસકાંઠા તંત્રને મળતાં આજે વડગામ તાલુકા ના છાપી ની બજારો માં તોલમાપ વિભાગ ની ટીમ સક્રિય બનવાની સાથે જ વેપારીઓ માં ફફડાટ ફેલાઇ ગયો હતો છાપી માં આજે તોલમાપ વિભાગે આજે ટીમ બનાવી મહેશભાઈ મહેશ્ર્વરી નામના વેપારીઓને ત્યાં દરોડો પાડયા .હતો તથા ૪૦૦૦ જેટલો દંડ પણ ફટકારવા માં આવ્યો હતો. પાન મસાલા ગુટકા બીડી તેમજ કરિયાણાની દુકાનો પર ર્દ્ર કિરતા વધારે કિંમત લેતા તેમજ વજન કરતા ઓછું આપતા વેપારીઓને ત્યાં તપાસ શરૂ કરાઈ હતી, પરંતુ તોલમાપ વિભાગ દ્વારા પાડવામાં આવેલા દરોડા માં નાના વેપારીઓને ટાર્ગેટ કરાયા હોય તેવું લાગી રહ્યું હતુ. છાપી માં અચાનક ત્રાટકેલી ટીમે નાના વેપારીઓ જોડે ડંડ વસુલ કરી જ્યારે મોટા વેપારીઓ ને સામે રહેમનઝર રાખી હોવાનુ જાણવા મળેલ છે.શું છાપી ની બજાર માં માત્ર એક જ વેપારી આ પ્રવૃત્તિ કરતો હતો????

છાપી માં ઊડીને આખે વળગે તેવા મોટા વેપારીઓ રેડ કરવા આવેલ અધિકારીઓ ને કેમ ના દેખાયા?? છાપી માં નાના વેપારીઓ માં રોષ જોવા મળ્યો હતો.

તોલમાપ ના દરોડા થી વજન માં ગફલો કરતા વેપારીઓમાં માત્ર નાની માછલીઓ જ હાથે લાગી જ્યારે મોટા મગરમચ્છ બચી જતા રેડ કરવા આવેલ અધિકારીઓ અને તંત્ર પણ કયાક ને ક્યાંક શંકાના દાયરામાં હોય તેમ જણાઇ રહ્યુ છે જેની નાના વેપારીઓ તટસ્થ તાપસ કરવા ઉચ્ચ માંગ કરી રહ્યા છે જો તટસ્થ તાપસ હાથ ધરવા માં આવે તો ઘણા મોટા વેપારીઓ સપડાય એવું લાગી રહ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.